પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૨૪ • કુલ પાના : ૪ • તારીખ : ૧૭-૦૫-૨૦૨૨ મંગળવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### જ્ઞાનવાપી મસ્જિદ સર્વે :

# શિવલિંગ મળવાની જગ્યાને તાત્કાલિક સીલ કરવામાં આવે, કોર્ટે મોટા આદેશ આપ્યો

વારાણસી,

વારાણસી કોર્ટે જિલ્લા અધિકારીને આદેશ આપતા કહ્યું કે, જે સ્થાન પર શિવલિંગ મળ્યું છે, તે જગ્યાને તાત્કાલિક સીલ કરી દેવામા આવે અને ત્યાં કોઈ વ્યક્તિને જવા દેવા નહીં. તેની જવાબદારી જિલ્લા પ્રશાસન અને સીઆરપીએફને સોંપવામાં આવી છે. કોર્ટે અધિકારીઓને વ્યક્તિગત જવાબદારી પણ નક્કી કરવા કહ્યું છે. પોતાના આદેશમાં વારાણસી કોર્ટે કહ્યું કે, જિલ્લા અધિકારી, પોલીસ કમિશ્નર અને સીઆરપીએફ કમાંડેંટને આદેશ આપવામાં ઓ છે કે, જે સ્થાન પર સીલ કરવામાં આવે તે જગ્યાને સુરક્ષિત અને સંરક્ષિત કરવામાં પૂર્ણપણે વ્યક્તિગત જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે.



વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદમાં સર્વે તો ખતમ થઈ ગયો છે. પણ દાવો કર્યો તેના પર ભારે ચર્ચા થઈ રહી છે. ત્રીજા અને અંતિમ દિવસે સર્વેનું કામ પુરુ કરતા જેવી ટીમ બહાર આવી કે, હિન્દુ પક્ષે શિવલિંગ મળ્યું હોવાનો દાવો કરવા લાગ્યા હતા. હિન્દુ પક્ષના જણાવ્યા અનુસાર, જેવું અંદરથી પાણી નિકળ્યું કે લોકો ઝૂમવા લાગ્યા હતા. કારણ કે ત્યાં ૧૨.૮ ફૂટ વ્યાસનું શિવલિંગ હતું.

હિન્દુ પક્ષના વકીલ મદન મોહન યાદવે દાવો કર્યો છે કે, પાણી હટતા જ શિવલિંગ પ્રગટ થઈને સામે આવ્યું છે. દાવો છે કે, નંદીની મૂર્તિની ઠીક સામે શિવલિંગનો વ્યાસ ૧૨ ફૂટ ૮ ઈંચ છે. તેની ઉંડાઈ ખૂબ વધારે છે. તો વળી હિન્દુ પક્ષકાર સોહનલાલ આર્યે કહ્યું કે, આજે બાબા મળ્યા, કલ્પનાથી પણ વધારે પુરાવા મળ્યા છે.

જ્ઞાનવાપી મસ્જિદ સરવેમાં શિવલિંગ મળી કે નહીં, તેને લઈને હવે અલગ અલગ દાવા સામે આવી રહ્યા છે. હાલનો દાવો મુસ્લિમ પક્ષ તરફથી કરવામાં આવ્યો છે. તેમનું કહેવું છે સરવેમાં કોઈ શિવલિંગ મળ્યું નથી. આ અગાઉ છેલ્લા દિવસનો સરવે પૂર્ણ થયી બાદ હિન્દુ પક્ષે દાવો કર્યો હતો કે જ્ઞાનવાપી મસ્જિદમાં ઉપસ્થિત તળાવ રૂપી કૂવામાં શિવલિંગ મળ્યું છે. ત્યારબાદ ત્યાં 'હર હર મહાદેવ'ના નારા પણ લાગ્યા હતા. હિન્દુ પક્ષના વકીલ વિષ્ણુ જૈને કહ્યું હતું કે, અંદર સરવે દરમિયાન શિવલિંગ મળ્યું છે.વિષ્ણુ જૈને આગળ કહ્યું કે, હવે તેઓ શિવલિંગનું પ્રોટેક્શન લેવા માટે કોર્ટ જઈ રહ્યા છે. તો હિન્દુ પક્ષ તરફથી કે જ્ઞાનવાપીમાં વજુખાના કે તળાવમાં ૧૨ ફૂટ ૮ ઈંચ વ્યાસની શિવલિંગ મળી છે, જે (તળાવ) અંદર ખૂબ ઊંડો હોય શકે છે. કહેવામાં આવ્યું કે, આ શિવલિંગનું મોઢું નંદી તરફ છે અને વજુખાનાનું આખું પાણી કાઢીને તેને જોવામાં આવ્યું હતું. આ અગાઉ સરવેની ટીમ જ્યારે જ્ઞાનવાપી મસ્જિદની અંદર જઈ રહી હતી, ત્યારે ટીમના સભ્ય આર.પી. સિંહને રોકી લેવામાં આવ્યા હતા. તેમને આજે ત્રીજા દિવસના સરવેમાં સામેલ થવા દેવામાં આવ્યા નથી. આર.પી. સિંહ પર જાણકારી લીક કરવાનો તેમજ સરવેની વાતોને બહાર બતાવવાનો આરોપ લાગ્યો છે.

રિપોર્ટ્સ મુજબ, આજે સરવે ટીમ નંદી સામે બનેલા તળાવ રૂપી કૂવા તરફ ગઈ છે. આ અગાઉ રવિવારે થયેલા સરવેમાં પક્ષમી દીવાલ, નમાજ સ્થળ, વજુ સ્થળ સિવાય તહખાનામાં પણ સરવે કરવામાં આવ્યું હતું. વારાણસીમાં જ્ઞાનવાપી મસ્જિદને લઈને કોર્ટે ૧૨ મેના રોજ મોટો નિર્ણય સંભળાવ્યો હતો.

**હિન્દુ પક્ષનો મોટો દાવો- 'જેમની પ્રતિક્ષા નંદી કરી રહ્યા હતા, તે બાબા મળી ગયા, મુસ્લિમ પક્ષે કહ્યું કે એવું કઈ નથી. અમે તમામ રિપોર્ટ કોર્ટમાં રજૂ કરીશું**

કોર્ટે જ્ઞાનવાપી મસ્જિદ સર્વે માટે નિમણૂક કરવામાં આવેલા એડવોકેટ કમિશનર અજય કુમાર મિશ્રાને હટાવવાની ના પાડી હતી. જોકે કોર્ટે કમિશનર અજય મિશ્રા સિવાય વિશાલ કુમાર સિંહને પણ કોર્ટ કમિશનર તરીકે નિમણૂક કરી દેવામાં આવી હતી.

અત્રે જણાવવાનું કે સૂત્રોના જણાવ્યાં મુજબ આજે સરવેની ટીમ નંદી સામે બનેલા કૂવા તરફ આગળ વધી હતી. વોટર રેસિસ્ટન્ટ કેમેરા કૂવામાં નાખીને વીડિયોગ્રાફી કરવામાં આવી છે. આ અગાઉ રવિવારે થયેલા સરવેમાં પક્ષમી દીવાલ, નમાઝ સ્થળ, વજૂ સ્થળ ઉપરાંત ભોયરાનો પણ સરવે કરવામાં આવ્યો હતો. સોહનલાલે મસ્જિદના પશ્ચિમી ભાગની પણ તપાસ કરાવવાની માંગણી કરી છે. તેમણે કહ્યું કે આ ભાગની પણ તપાસ થવી જોઈએ. ત્યાં શ્રૃંગાર ગૌરીની અન્ય પ્રતિમાઓ મળી આવશે.બીજી બાજુ જ્ઞાનવાપી મસ્જિદ સરવે મામલે સુપ્રીમ કોર્ટમાં આવતી કાલે સુનાવણી હાથ ધરાશે.

સોહનલાલે કહ્યું કે મસ્જિદમાં બાબા મળી ગયા. એ જ બાબા જેમની નંદી પ્રતિક્ષા કરી રહ્યા હતા. સોહનલાલે મીડિયા સામે આગળ કહ્યું કે, જેવું જ મસ્જિદ પરિસરમાં શિવલિંગ મળ્યું, ત્યાં હર હર મહાદેવના નારા લાગવા લાગ્યા. લોકો ખુશીથી નાચવા લાગ્યા. સોહનલાલે એમ પણ કહ્યું કે, હવે પશ્ચિમી દીવાલ પાસે જે કાટમાળ છે તેની તપાસની માંગણી કરવામાં આવશે. તો કૂવાવાળી વાત પૂછવામાં આવતા હિન્દુ પક્ષ તરફથી જ મોહન યાદવે કહ્યું

## જ્ઞાનવાપી એક મસ્જિદ હતી અને ઈન્શાઅલ્લાહ કયામત સુધી રહેશે : ઓવૈસી

વારાણસી કોર્ટના આદેશ પર જ્ઞાનવાપી મસ્જિદ સંકુલના સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ત્રીજા અને છેલ્લા દિવસના સર્વે બાદ હિન્દુ પક્ષના વકીલે દાવો કર્યો છે કે કુવામાંથી શિવલિંગ મળી આવ્યું છે. તો મુસ્લિમ પક્ષે આ દાવાને નકારી કાઢ્યો અને કહ્યું અંદરથી આવું કંઈ મળ્યું નથી. જો કે આ બધાની વચ્ચે ઉત્તર પ્રદેશના ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્યએ કહ્યું કે, તમે સત્ય ભલે ગમે તેટલું છુપાવો પરંતુ એક દિવસ તે સામે આવી જાય છે. બીજી તરફ એઆઈએમઆઈએમ ચીફ અસદુદ્દીન ઓવૈસીએ વળતો જવાબ આપતા કહ્યું કે, જ્ઞાનવાપી એક મસ્જિદ હતી અને ઈન્શાઅલ્લાહ કયામત સુધી રહેશે.

કેશવ પ્રસાદ મૌર્યએ ટ્વીટ કર્યું, ''બુદ્ધ પૂર્ણિમાના અવસર પર જ્ઞાનવાપીમાં બાબા મહાદેવના પ્રાગટ્યએ દેશની સનાતન હિન્દુ પરંપરાને પૌરાણિક સંદેશ આપ્યો છે. તેમણે કહ્યું, સત્ય ભલે ગમે તેટલું છુપાવો, પરંતુ એક દિવસ તે સામે આવશે કારણ કે ''સત્ય શિવ છે''. બાબા કી જય, હર હર મહાદેવ.

વાસ્તવમાં વારાણસી કોર્ટે ૧૭ મે સુધીમાં જ્ઞાનવાપી મસ્જિદ પરિસરનો સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. છેલ્લા દિવસના સર્વેના અંત પછી હિન્દુ પક્ષના વકીલ વિષ્ણુ જૈને આજતક સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે કુવામાંથી શિવલિંગ મળી આવ્યું છે તેઓ તેની સુરક્ષા માટે સિવિલ કોર્ટમાં જશે. હિન્દુ પક્ષના બીજા વકીલ મદન મોહન યાદવે દાવો કર્યો હતો કે પાણી ઓછું થતાંની સાથે જ પાણીની સામે એક વિશાળ શિવલિંગ દેખાયું હતું. તેઓ દાવો કરે છે કે નંદીની મૂર્તિની બરાબર સામે મળી આવેલા શિવલિંગનો વ્યાસ ૧૨ ફૂટ ૮ ઈંચ છે. તેની ઊંડાઈ પણ પૂરતી છે. બીજી તરફ હિંદુ પક્ષના સોહનલાલ આર્યએ કહ્યું કે બાબા આજે મળી ગયા છે, કલ્પના કરતા વધુ પુરાવા મળ્યા છે.


મુસ્લિમ પક્ષે આ દાવાને સખત રીતે નકારી કાઢ્યો હતો. મુસ્લિમ પક્ષે કહ્યું કે અંદરથી કશું મળ્યું નથી, જેનો હિંદુ પક્ષ દાવો કરી રહ્યું છે. તો દાવો કરવાના દાવા વચ્ચે કોર્ટ કમિશનર અજય કુમાર મિશ્રાએ કોર્ટની માર્ગદર્શિકાને ટાંકીને શિવલિંગ મામલે મૌન સેવ્યું હતું. બીજી તરફ વારાણસીના ડીએમ કૌશલ રાજે કહ્યું કે, આયોગના કોઈપણ સભ્ય દ્વારા સર્વેની કોઈ માહિતી જાહેર કરવામાં આવી નથી. આ મામલો કોર્ટમાં છે.

શિવલિંગ મેળવવાનો મામલો વારાણસીની સેશન્સ કોર્ટમાં પહોંચ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે જે જગ્યાએ શિવલિંગ હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે, કોર્ટે તે જગ્યાને સીલ કરવાનો આદેશ જારી કર્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટને આદેશ આપતા વારાણસી કોર્ટે કહ્યું કે આ જગ્યાને તાત્કાલિક અસરથી સીલ કરી દેવી જોઈએ અને કોઈ વ્યક્તિને ત્યાં જવાની મંજૂરી આપવી જોઈએ નહીં. તેની જવાબદારી જિલ્લા પ્રશાસન અને સીઆરપીએફને આપવામાં આવી છે.

## રાજ્યમાં ૪૫ ડીગ્રી ગરમીમાં ડેમો સુકાયા, ઉ.ગુજરાત-કચ્છમાં પાણીનો પોકાર, ૧૫ ડેમમાં ૧૩ ટકા પાણી બચ્યું

ગાંધીનગર,

ઉનાળામાં પડી રહેલા આકરા તાપની સાથે ગ્રામીણ વિસ્તારોમાં પાણીની તંગી ખૂબ તીવ્ર બની છે. પાણીની પરેશાનીને કારણે સરકાર દ્વારા ઘણા ડેમોમાં નર્મદા ડેમમાંથી પાણી છોડવામાં આવી રહ્યું છે છતાં ઘણાં ગામડાં ધોમધખતાં તાપમાં તરસ્યાં છે, એવામાં ટેન્કર દ્વારા ત્યાં પાણી પહોંચાડવાના પ્રયાસ થઈ રહ્યા છે. બીજી તરફ, રાજ્યના ૧૭ મુખ્ય ડેમમાં હાલની સ્થિતિએ માત્ર ૪૬ ટકા પાણીનો જથ્થો રહેલો છે. જો આ વર્ષે ગુજરાતમાં ચોમાસું સારું નહીં રહે તો આગામી વર્ષે પણ પાણીની સમસ્યા વધુ ગંભીર બની શકે છે.



ઉત્તર ગુજરાત અને કચ્છ બાદ હવે સૌરાષ્ટ્રમાં પણ જળસંકટની સ્થિતિ ઊભી થઈ રહી છે. ગુજરાતના ૨૦૭ ડેમમાં અત્યારે ૪૬ ટકા જેટલો પાણીનો જથ્થો બચ્યો છે. જોકે ઉત્તર ગુજરાતમાં સૌથી વધુ કફોડી સ્થિતિ છે, ત્યાંના ૧૫ ડેમમાં માંડ ૧૩.૬૯ ટકા જેટલું પાણી છે, જ્યારે કચ્છના ૨૦ ડેમમાં ૧૬.૯૦ ટકા જેટલો પાણીનો સંગ્રહ બચ્યો છે, જ્યારે સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમમાં હવે ૩૨.૫૯ ટકા પાણીનો સંગ્રહ બચ્યો છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી આસપાસનાં ક્ષેત્રોમાં પીવાના પાણી માટે પોકાર ઊઠ્યો છે. રાજ્યના છેવાડાના વિસ્તારોમાં પાણી માટે ટેન્કરોની દોડાદોડ થઈ રહી છે.

અત્યારે રાજ્યના કચ્છ સહિતના છેવાડાનાં ૫૦ જેટલાં ગામોમાં રોજનાં ટેન્કરોના ૧૦૦ જેટલા ફેરા થઈ રહ્યા હોવાનું સૂત્રો કહે છે. પાણી અને ઘાસચારાની અછત વચ્ચે બનાસકાંઠામાં અબોલ પશુઓનાં મોત થઈ રહ્યાં હોવાની રજૂઆતો રાજ્ય સરકાર સમક્ષ કરવામાં આવી હતી. આ સાથે પાણીનો પૂરતો જથ્થો પૂરો પાડવા માગણી થઈ છે. રાજ્યના નર્મદા અને કલ્પસર વિભાગના ડેટા પ્રમાણે બનાસકાંઠામાં અત્યારે પાણીનો જીવંત જથ્થો માંડ ૪.૮૬ ટકા છે, સાબરકાંઠામાં ૩.૭૯ ટકા, અરવલ્લીમાં ૭.૧૭ ટકા અને મહેસાણામાં ૧૧.૦૩ ટકા પાણીનો જીવંત જથ્થો બચ્યો છે.

કચ્છમાં ૧૦.૫૬ ટકા તથા સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકામાં ૩.૩૭ ટકા, બોટાદમાં ૭.૬૫ ટકા, જામનગરમાં ૨૦.૪૭ ટકા, જૂનાગઢમાં ૨૪.૧૨ ટકા, પોરબંદરમાં ૨૦.૮૪ ટકા, સુરેન્દ્રનગરમાં ૧૯.૫૩ ટકા પાણીનો જીવંત જથ્થો બચ્યો છે. ગુજરાતમાં અત્યારે ડેમોમાં પાણી મામલે સારી સ્થિતિ દક્ષિણ ગુજરાતની છે, જેના ૧૩ ડેમમાં ૫૪.૨૫ ટકા પાણીનો જથ્થો છે. સરદાર સરોવર ડેમમાં ૫૨.૦૬ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. મધ્ય ગુજરાતના ૧૭ ડેમમાં ૪૦.૫૦ ટકા પાણીનો જથ્થો છે.

હવામાન વિભાગ અને ખાનગી હવામાન એજન્સી સ્કાયમેટ બંને મુજબ, આ વર્ષે દેશમાં ચોમાસું સામાન્ય રહેવાનો અંદાજ છે. હવામાન વિભાગ મુજબ, દક્ષિણ-પશ્ચિમી ચોમાસું ૧૫મી મે આસપાસ આંદામાન અને દક્ષિણ પૂર્વ બંગાળની ખાડીમાં પહોંચી જશે. પૂર્વાનુમાન પ્રમાણે, આ વર્ષે ભારતમાં ચોમાસું નિર્ધારિત સમય કરતાં પાંચ દિવસ પહેલાં એટલે કે ૨૭મી મેના રોજ આવી જશે. એનું સૌથી પહેલું આગમન કેરળમાં થશે. કેરળમાં વરસાદ પડશે એ પછી દેશભરમાં લોકોને લૂથી રાહત મળશે. બીજી તરફ સ્કાયમેટ દ્વારા ગુજરાત તથા રાજસ્થાનમાં સામાન્યથી ઓછો વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરાઈ છે. જો આમ થયું તો રાજ્યમાં આગામી વર્ષે પાણીની તંગીની સ્થિતિ સર્જાઈ શકે છે.

## મોંઘવારી અને બેરોજગારી સામે ડાબેરી પક્ષો ૨૫ થી ૩૧ મે સુધી દેશભરમાં આંદોલન કરશે

નવીદિલ્હી,

આવશ્યક ચીજવસ્તુઓની વધતી કિંમતો અને બેરોજગારીના વિરોધમાં ડાબેરી પક્ષોએ ૨૫ મેથી ૩૧ મે સુધી દેશવ્યાપી આંદોલનનું આહ્વાન કર્યું છે. ડાબેરી પક્ષોએ જાહેર કરેલા સંયુક્ત નિવેદનમાં દેશભરના તેમના એકમોને મોંઘવારી અને બેરોજગારી સામે આ સંયુક્ત અને સંકલિત રાષ્ટ્રવ્યાપી સંઘર્ષનું આયોજન કરવા નિર્દેશ આપ્યો છે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, ''ઊંચી મોંઘવારીને કારણે લોકો પર અભૂતપૂર્વ બોજ વધી રહ્યો છે. કરોડો લોકો તેનાથી પરેશાન છે અને ગરીબી તરફ આગળ વધી રહ્યા છે. આ સાથે જ બેરોજગારી વધવાને કારણે લોકોની મુશ્કેલીઓમાં અનેકગણો વધારો થઈ રહ્યો છે.

ડાબેરી પક્ષોએ કહ્યું કે, છેલ્લા એક વર્ષમાં પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં ૭૦ ટકા, શાકભાજીમાં ૨૦ ટકા, રાંધણ તેલમાં ૨૩ ટકા અને અનાજના ભાવમાં ૮ ટકાનો વધારો થયો છે. આ નિવેદન પર કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના જનરલ સેક્રેટરી સીતારામ યેચુરી, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયાના જનરલ સેક્રેટરી ડી રાજા, ઓલ ઈન્ડિયા ફોરવર્ડ બ્લોકના જનરલ સેક્રેટરી દેવવ્રત બિસ્વાસ અને અન્ય ડાબેરી પક્ષોના નેતાઓએ હસ્તાક્ષર કર્યા હતા.

આ પક્ષોએ માંગ ઉઠાવી હતી કે, કેન્દ્ર સરકારે તમામ પેટ્રોલિયમ ઉત્પાદનો પરની ડ્યુટી અને સરચાર્જ તાત્કાલિક પાછો ખેંચી લેવો જોઈએ અને રાંધણ ગેસ સહિત અન્ય વસ્તુઓના ભાવમાં ઘટાડો કરવો જોઈએ.તો, ઉદયપુરમાં યોજાયેલા કોંગ્રેસના ચિંતન શિબિરમાં ઘણા નેતાઓએ મોંઘવારી મુદ્દે મોદી સરકારને ઘેરી હતી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, ભવિષ્યમાં બેરોજગારી, મોંઘવારી અને ભારતની સંસ્થાઓ પર હુમલા વધશે.

તો, યુપીએ સરકારમાં નાણામંત્રી રહેલા પી ચિદમ્બરમે કહ્યું કે, મોંઘવારી અસ્વીકાર્ય સ્તરે વધી ગઈ છે, આવનારા દિવસોમાં તે વધુ વધવાનો ભય છે. સરકાર વાસ્તવમાં તેની ખોટી નીતિઓ, ખાસ કરીને પેટ્રોલ અને ડીઝલ પરના ઊંચા કર, ઉચ્ચ વહીવટી કિંમતો અને ઊંચા વ્યાજ દરો દ્વારા ફુગાવાના વિકાસને વેગ આપી રહી છે. દેશમાં રોજગારીની સ્થિતિ આટલી ખરાબ ક્યારેય રહી નથી.

## વિમાની ઈંધણમાં ૫ ટકાનો ભાવવધારો : મુસાફરી મોંઘી થશે

નવીદિલ્હી,

પેટ્રોલ-ડીઝલના ભાવ છેલ્લા ૪૦ દિવસથી યથાવત રહ્યા છે ત્યારે તેલ કંપનીઓએ આજે વિમાની ઈંધણમાં ભાવવધારો જાહેરકર્યો હતો જેના પગલે એરલાઈન્સ પર બોજ વધવાના અને વિમાની પ્રવાસ મોંઘા થવાના એંધાણ છે.ચાલુ વર્ષમાં ૯મી વખત ભાવવધારો કરવામાં આવ્યો છે.

પાટનગર દિલ્હી માટે તેલ કંપનીઓએ વિમાની ઈંધણમાં ૫ ટકાનો ભાવવધારો લાગુ કર્યો છે અને પ્રતિ કિલો લીટર ભાવ ૧.૨૩ લાખ રુપિયા થયા છે. ૧લી જાન્યુઆરી પછી ૯મો ભાવવધારો કરવામાં આવ્યો છે અને અત્યાર સુધીમાં ૬૧.૭ ટકા વધી ગયા છે. ૧લી જાન્યુઆરીએ વિમાની ઈંધણનો ભાવ ૭૨,૦૬૨ હતો તે હવે પ્રતિ કિલો લીટર ૧.૨૩ લાખ રુપિયા થયો છે.

પેટ્રોલ-ડીઝલમાં છેલ્લે ૬ એપ્રિલે સરેરાશ ૮૦ પૈસાનો ભાવવધારો કરવામાં આવ્યો હતો ત્યારબાદ ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે. વિમાની ઈંધણને લાગેવળગે છે ત્યાં સુધી દરેક રાજ્યોમાં વેટ દરને આધારે ભાવમાં અંતર હોય છે.

## ગુજરાતમાં રિલાયન્સના ૧૬૦ પંપ પર પેટ્રોલનું વેચાણ બંધ કરાયું

અમદાવાદ,

ક્રૂડની આંતરરાષ્ટ્રીય કિંમતોમાં વધારાને કારણે રાજ્યભરમાં આવેલા રિલાયન્સના ૧૬૦ પેટ્રોલ પંપ પરથી પેટ્રોલનું વેચાણ બંધ કરાયું છે. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત વધતા દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવો આસમાને પહોંચ્યા છે. વધતા ભાવોની આડઅસર જોવા મળી રહી છે.

અમદાવાદ સહિત રાજ્યના રિલાયન્સ પેટ્રોલ પંપથી પેટ્રોલનું વેચાણ બંધ કરવામાં આવ્યું હતું. સમગ્ર રાજ્યમાં રિલાયન્સના ૧૬૦ પેટ્રોલ પંપ છે. અમદાવાદમાં રિલાયન્સ પેટ્રોલ પંપ પર ટુ-વ્હીલરમાં માત્ર એક લિટર જ્યારે ફોર-વ્હીલરમાં ૫૦૦ રૂપિયાનું પેટ્રોલ પૂરી આપવામાં આવતું હતું.

ગુજરાત પેટ્રોલ પંપ એસોસિએશનના પ્રમુખ અરવિંદ ઠક્કરે આ અંગે જણાવ્યું હતું કે, રિલાયન્સ ઉપરાંત ખાનગી ક્ષેત્રના એસઆર કંપની અને સેલ કંપનીના પણ પેટ્રોલ પંપ છે. જે મુશ્કેલી રિલાયન્સને પડી રહી છે તે આ કંપનીઓને પણ પડવાની છે.રાજ્યમાં એસઆરના આશરે ૧૫૦૦ અને સેલના આશરે ૬૦ પેટ્રોલ પંપ છે. રાજ્યમાં આશરે ૪ હજાર સરકારી કંપનીના પેટ્રોલ પંપ છે. હાલ સરકારી પેટ્રોલ પંપ પર ઝાઝી અસર જોવા મળશે નહીં. ૨૦૦૮માં પણ રિલાયન્સ પેટ્રોલ પંપ બંધ થયાં હતાં.

## ૨૫ વર્ષ બાદ દેશમાં કોઈ ખેડૂત નહીં હોય, ખેતીવાડીનો વ્યવસાય પડી ભાંગશે : આધ્યાત્મિક ગુરૂ સદગુરુ

નવીદિલ્હી,

ઈશા ફાઉંડેશનના સંસ્થાપક તથા આધ્યાત્મિક ગુરૂ સદગુરુએ ભવિષ્યમાં ભારતના કૃષિ ક્ષેત્રને લઈને ચોંકાવનારી વાતો કહી છે. સદગુરૂએ કહ્યુ છે કે, આગામી ૨૫ વર્ષમાં ભારતમાં કોઈ પણ ખેડૂત નહીં રહે. તેમણે પોતાના સંગઠનના એક સર્વેમાં આ પ્રકારનો દાવો કર્યો છે. સદગુરૂએ ભવિષ્યવાણી કરી છે કે, ભારતમાં ખેતી આકર્ષક નહીં બનાવામા આવે તો, તેના ગંભીર પરિણામ આવશે.



સદગુરૂએ કહ્યું છે કે, ભારતમાં કૃષિ સાથે જોડાયેલા લોકો પોતાની જમીન પર રહીને પોતાનું કરિયર બનાવી શકતા નથી. પરિણામ એ આવ્યું કે, ખેડૂતોની ૬૩ ટકા વસ્તીમાંથી ૨ ટકા પણ એવા નથી, જે ભવિષ્યમાં ખેતી સાથે જોડાઈ રહેવા માગે છે.

આધ્યાત્મિક ગુરૂ તથા ઈશા ફાઉંડેશનના સંસ્થાપકે પોતાના સંગઠને કરેલા એક સર્વેના ડેટાનો ઉલ્લેખ કર્યો.સદગુરૂએ કહ્યું કે, ઈશા ફાઉંડેશને આ વાતને લઈને એક સર્વે કરાવ્યો છે. જેમાં એવું તારણ સામે આવ્યું છે કે, જો સરકારે કૃષિ નીતિઓમાં ફેરફાર ન કર્યો તો, આગામી ૨૫ વર્ષમાં ભારતમાં કોઈ ખેડૂત નહીં રહે.

સદગુરૂએ તેના માટે હાલની ફરજિયાત શિક્ષણ પદ્ધતિને જવાબદાર ઠેરવી છે. જો કે, તેમણે બાલશ્રમનું સમર્થન કર્યું નથી, પણ કહ્યું કે, હાલની શિક્ષણ વ્યવસ્થા બાળકોને ૧૮ વર્ષની ઉંમર સુધી સ્કૂલ જવા માટે મજબૂર કરી રહી છે. જ્યાં સુધી બાળશ્રમનો મુદ્દો છે, તો બાળકો ખેતરમાં કામ કરવા જઈ શકતા નથી. સદગુરૂએ કહ્યુ કે, તે બાળશ્રમના પક્ષમાં નથી, પણ તે ફરજિયાત શિક્ષણ પ્રક્રિયા વિરુદ્ધ છે. સદ્દગુરૂએ કહ્યું કે, આપણું શિક્ષણ મોડલ એવું હોવું જોઈએ, જેમાં આપણા દેશના મૂળ સિદ્ધાંત નષ્ટ ન થાય. સદગુરૂએ કહ્યું કે, તેમની સંસ્થા ઈશા ફાઉંડેશન તરફથી ભવિષ્યમાં ભારતમાં કૃષિની સ્થિતિને લઈને એક સર્વે કરવામાં આવ્યો છે. જેમાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. આધ્યાત્મકિ ગુરૂએ કહ્યું કે, આ સર્વેમાંથી ખબર પડે છે કે, ખેડૂતોની ૬૩ ટકા વસ્તીમાંથી ૨ ટકા પણ નથી ઈચ્છા કે તેમના દિકરાઓ ખેડૂત બને. સદગુરૂએ આને આ દેશમાં માટે સૌથી મોટો ખતરો ગણાવ્યો છે. સદગુરૂએ કહ્યું કે, આનાથી બચવા માટે કૃષિ ક્ષેત્રને આકર્ષક બનાવવું જોઈએ. ખેડૂતોની આવકમાં વધારો કરવો જોઈએ. સદગુરૂએ કહ્યું કે, ખેડૂતોની આવક ડોક્ટર, એન્જીનિયર, વકીલ, પત્રકારની બરાબર હોવી જોઈએ. ત્યારે જ ખેડૂતો ખેતરમાં ટકી શકશે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી રઈ દુધ ઉત્પાદક સહકારી મંડળી શાખા

મુ. રઈ, તા. લીમખેડા, જી. દાહોદ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



કૈઝારભાઈ સૈફુદ્દીનભાઈ રાવત

મુ. બાર, તા. લીમખેડા, જી. દાહોદ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



ધી બાંડીબાર સેવા શાખા

મુ. મોટીબાર, તા. લીમખેડા, જી. દાહોદ

# વિરપુર તાલુકાના ગામોમાં પાણીની અછતને લઈ પુરવઠા વિભાગે ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવા આયોજન કર્યુ

વિરપુર,

વિરપુર તાલુકાના કેટલાય ગામોમાં છેલ્લા ઘણા સમયથી પાણીની અછતનો સામનો કરવો પડી રહ્યો છે. આવા ગામોમાં પાણી પુરવઠા વિભાગે ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવા આયોજન કર્યુ છે. દર વર્ષે તાલુકાના નાગરિકોને પાણીની તંગીનો સામનો કરવો પડે છે. આ વિકટ સમસ્યાના ઉકેલની નાગરિકો માંગણી કરી રહ્યા છે છતાં કોઈ ઉકેલ આવ્યો નથી.

દર વર્ષે તાલુકાના કેટલાક ગામોમાં ગ્રામજનોને પાણીની અછતનો સામનો કરવો પડે છે. તાલુકાની ૩૨ ગ્રામ પંચાયતના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંક બે દિવસે તો ક્યાંક પાંચ દિવસે તો વળી ક્યાંક તો અઠવાડિયે એકવાર પાણી મળતુ હોવાનુ બુમો ઉઠવા પામી છે. પ્રજા એક બેડા પાણી માટે વલખા મારી રહી છે. આવા સંજોગોમાં સ્થાનિક તંત્ર દ્વારા યોગ્ય પગલા લઈને પાણીની સમસ્યાને દુર કરવાની માંગ ઉઠી છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની વિતરણ વ્યવસ્થા ખોરવાતા પુરવઠા વિભાગ દ્વારા ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યુ છે. રોજના ટેન્કરો ફેરા છતાં લોકોને ખાનગી ટેન્કરો મંગાવવાની ફરજ પડે છે.

# ઉતરીય રાજયો અગનભઠ્ઠી-રેકોર્ડતોડ તાપમાન : કેરળમાં અતિભારે વરસાદ : આસામમાં પુર પ્રકોપ

નવીદિલ્હી,

કાળઝાળ ઉનાળા વચ્ચે દેશના જુદા-જુદા ભાગોમાં અલગ-અલગ વાતાવરણ સર્જાયુ છે. દિલ્હીમાં પ્રથમ વખત તાપમાનનો પારો ૪૯ ડીગ્રીએ પહોંચવા સાથે રાજસ્થાન, પંજાબ, હરિયાણા સહિતના રાજયોમાં ગરમીનો કાળો કેર યથાવત છે ત્યારે ચોમાસાનું આગમન વ્હેલુ થઈ જવાની આગાહી વચ્ચે કેરળમાં ભારે વરસાદ વચ્ચે પુરપ્રકોપ સર્જાયો છે. હવામાન વિભાગ દ્વારા રેડએલર્ટની ઘોષણા કરવામાં આવી છે.

પાટનગર દિલ્હીમાં રેકોર્ડતોડ તાપમાન નોંધાયુ હતું. મંગેશપુર તથા નજકગઢમાં પારો ૪૯ ડીગ્રીને વટાવી ગયો હતો. દિલ્હીમાં આટલુ ઉંચુ તાપમાન પ્રથમવાર નોંધાયુ છે જેને પગલે લોકો રીતસર અકળાઈ ગયા હતા. સમગ્ર દેશમાં સૌથી ઉંચુ તાપમાન હતું અને ભુતકાળમાં કયારેય આ સ્તરે પહોંચ્યુ નથી. ગુડગાંવમાં ૫૬ વર્ષનો રેકોર્ડ તૂટયો હતો. જયાં તાપમાનનો પારો ૪૮.૧ ડીગ્રી પર પહોંચ્યો હતો. ફરીદાબાદમાં ૪૭.૧ ડીગ્રી તથા ગાઝીયાબાદ-નોઈડામાં ૪૫ ડીગ્રીથી વધુ તાપમાન હતું.

દિલ્હી ઉપરાંત પંજાબ-હરિયાણા તથા રાજસ્થાન પણ અગનભઠી બન્યા હતા. રાજસ્થાનમાં અર્ધોડઝન શહેરોમાં પારો ૪૮ ડીગ્રી થયો હતો જયારે હરિયાણાના ગુરૂગ્રામમાં ૪૮.૧ ટકા નોંધાયો હતો. પંજાબના મુક્તસરમાં ૪૭.૪ ડીગ્રી, હરિયાણાના હિસ્સારમાં ૪૭.૩ ડીગ્રી, સિરસામાં ૪૭.૨ ડીગ્રી, રોહતકમાં ૪૬.૭ ડીગ્રી તથા ભીવાનીમાં ૪૬ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું. ભટીંડામાં ૪૬.૮



તથા અમૃતસરમાં ૪૬.૧ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું.

હવામાન વિભાગના રીપોર્ટ પ્રમાણે કાળઝાળ ગરમીમાંથી એકાદ દિવસમાં આંશિક રાહત મળી શકશે. પંજાબ-હરીયાણા ઉપર ચક્રાવાતી પવનની સીસ્ટમ ઉભી થઈ છે જે પ્રિ-મોન્સુન એકટીવીટી શરુ થવાના સંકેત આપે છે. આ સીસ્ટમના પ્રભાવ હેઠળ ધૂળની આંધી ફુંકાવાની શકયતા છે. હળવો વરસાદ પણ થઈ શકે છે. જો કે દિલ્હી, ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં ભીષણ ગરમીનો કહેર જારી રહી શકે છે.

ઉતરીય રાજયોમાં ભીષણ ગરમી સામે કેરળમાં અતિભારે વરસાદની આગાહીને પ્રિ-મોન્સુન વરસાદ વરસી રહ્યો છે. આજે અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી હોવાથી પાંચ જીલ્લાઓમાં રેડએલર્ટ જાહેર કરાયુ છે. નૈઋત્ય ચોમાસાના આંદામાનના દરિયામાં પ્રવેશ સાથે પ્રિમોન્સુન એકટીવીટી વધવાની ચેતવણી આપવામાં આવી છે.

અંતરિયાળ કર્ણાટકમાં સાયકલોનિક સરકયુલેશનનો પ્રભાવ છે અને તેને કારણે અરબી સમુદ્રમાંથી નીચલા સ્તરના મજબૂત પશ્ચિમી પવનો ફુંકાતા હોવાથી વરસાદનું જોર વધી શકે છે. ગમે તેવી હાલતનો સામનો કરવા માટે એનડીઆરએફની ટીમો પણ તૈનાત કરવામાં આવી છે. આ સિવાય આસામમાં પણ સાત જીલ્લા પુર પ્રભાવિત છે અને ૫૭૦૦૦ લોકો ફસાયા છે. જમીન-પાકનું ધોવાણ થયુ છે. ૩ લોકોના મોત થયા છે. ૨૦૨ મકાનોને નુકશાન થયું છે.

# ગુજરાતમાં હજુ ગરમીનું પ્રમાણ યથાવત રહેશે, રાજ્યનાં ૫ શહેરોમાં તાપમાન ૪૨ ડિગ્રીને પાર

અમદાવાદ,

ગુજરાતમાં કાળઝાળ ગરમી થમવાનું નામ નથી લઇ રહી. ત્યારે હજુ પણ ગુજરાતની જનતાને ગરમીથી રાહત નહીં મળે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું કે, 'રાજયમાં હજુ ગરમીનું પ્રમાણ યથાવત રહેશે. હજુ ૩ દિવસ સુધી રાજયમાં ગરમીનો પ્રભાવ રહેશે.' તાપમાનની જો વાત કરીએ તો રાજયમાં કંડલામાં તાપમાન ૪૬ ડિગ્રી સુધી પહોંચ્યું છે તો અમદાવાદમાં ૪૩.૭, રાજકોટમાં ૪૩.૭ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૪૩ જ્યારે ડીસામાં ૪૨.૪ ડિગ્રી તાપમાન, પાટણમાં ૪૨.૪ ડિગ્રી જ્યારે ભાવનગરમાં ૪૧.૫ ડિગ્રી તાપમાન પહોંચ્યું છે. રાજ્યના ૫ શહેરોમાં ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન હાલ નોંધાઈ રહ્યું છે.

ગરમીનો પારો દિવસે ને દિવસે ઉંચકાઈ રહ્યો છે, તેમ તેમ લોકોની પરેશાનીમાં પણ વધારો થઈ રહ્યો છે. આવી ધોમધખતી ગરમીમાં લોકો ઠંડી ચીજ વસ્તુઓનું સેવન કરી રહ્યાં છે. તો અમદાવાદમાં ભીષણ ગરમીથી બચવાનો લોકો પ્રયાસ કરી રહ્યાં છે. જેમાં બરફના ગોળા, શેરડીનો રસ અને લીબુંનો લોકો સહારો લી રહ્યાં છે.


તમને જણાવી દઇએ કે, રાજ્યમાં ગરમીના પ્રમાણમાં વધારો થતાં ઠંડક મેળવવા લોકોએ દમણ તરફ દોટ મૂકી છે જેને કારણે ગત ૨ વર્ષથી ઠપ્પ થયેલા દમણ પ્રવાસનને વેગ મળ્યો છે ત્યારે ઉનાળુ વેકેશન શરૂ થતાં અમદાવાદ, વડોદરા, સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ દમણની મુલાકાતે આવી રહ્યા છે અને ટાઢક મેળવી રહ્યાં છે. તો બીજી તરફ અમદાવાદમાં આગ જરતી ગરમીથી રાહત મેળવવા મનપાના સ્વિમિંગ પુલમાં લોકોનો ઘસારો જોવા મળ્યો છે. જેમાં સામાન્ય સિઝન કરતા ૩ ઘણા લોકો સ્વિમિંગ પુલ પહોંચી રહ્યા છે ત્યારે નાના બાળકો માટે અલગ સમર વેકેશન બેચ શરુ કરાઈ.

# રજિસ્ટ્રેશન વિના ગુજરાતીઓ ચારધામ યાત્રા પહોચ્યા, ઋષિકેશમાં અટકાવી દેવાયા

દહેરાદુન,

ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા માટે ભક્તોની મોટી ભીડ લાગી છે. ત્યારે ભીડને નિયંત્રિત કરવા માટે આવરશે નિયમો કડક બનાવવામાં આવ્યા છે. માત્ર નોંધાયેલા તીર્થયાત્રીઓને જ ચારધામ યાત્રા માટે મંજૂરી આપવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં અનેક ગુજરાતી યાત્રીઓ વિના નોંધણીએ ગયા હતા. અને હાલમાં હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.નોંધણી વિના ગયેલા ગુજરાતીઓને અટકાવી દેવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ઋષિકેશમાં આ યાત્રાળુઓને અટકાવી દેવામાં આવ્યા છે. આગામી



૧૦જુન સુધી ચારધામ યાત્રાનું બુકિંગ ફૂલ થઇ ગયું છે. તો આવા સંજોગો માં આ યાત્રાળુઓ ને વિના દર્શને પાછા ફરવાનો વારો આવી શકે છે. જો કે એક અધિકારીએ કહ્યું કે માહિતીના અભાવને કારણે, જેઓ નોંધણી વગર આવ્યા છે તેમની નોંધણી કરવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

અત્રે નોધનીય છે કે, દેહરાદૂન જિલ્લા મેજિસ્ટ્રેટ આર રાજેશ કુમારે જણાવ્યું હતું કે, "આ સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવ્યું છે કે શ્રદ્ધાળુઓની સંખ્યા મંદિરો માટે નિર્ધારિત સંખ્યા કરતાં વધી ન જાય." નોંધણી અને મુસાફરી કાર્ડ દર્શાવ્યા વિના આગળની હિલચાલની મંજૂરી આપવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે ટ્રાવેલ કાર્ડમાં મંદિરમાં જવાની તારીખ અને સમયનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે જે તારીખોમાં નિયત મર્યાદા સુધી નોંધણી કરવામાં આવી છે, તે તારીખો પર વધુ નોંધણી થઈ શકશે નહીં. અધિકારીએ કહ્યું કે મુલાકાતીઓને આગામી ઉપલબ્ધ તારીખો પર નોંધણી કરાવવાની સલાહ આપવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે નોંધણી સમયે, ભક્તોએ ઉપલબ્ધતાની તપાસ કર્યા પછી જ મંદિરોની મુલાકાત લેવાનું પોતાનું શેડ્યૂલ બનાવવું જોઈએ.

છેલ્લા બે વર્ષથી કોવિડના કારણે અવરોધાયેલી ચારધામ યાત્રામાં આ વખતે ભક્તોની ભારે ભીડ છે. શનિવાર સુધીમાં ૪,૬૩,૮૩૦ ભક્તોએ મંદિરોના દર્શન કર્યા છે. ચારધામ યાત્રા ૩ મેના રોજ અક્ષય તૃતીયાના તહેવાર પર ગંગોત્રી અને યમુનોત્રી મંદિરોના દરવાજા ખોલવાની સાથે શરૂ થઈ હતી. કેદારનાથના દરવાજા ૬ મેના રોજ ખોલવામાં આવ્યા હતા જ્યારે બદ્રીનાથના દરવાજા ૮ મેના રોજ ખોલવામાં આવ્યા હતા.

ભક્તોની વધતી જતી સંખ્યાને જોતા રાજ્ય સરકારે ચાર ધામોમાં દરરોજ દર્શનાર્થીઓની સંખ્યા નક્કી કરી છે. બદ્રીનાથ દર્શન માટે દરરોજ ૧૬૦૦૦, કેદારનાથ માટે ૧૩૦૦૦, ગંગોત્રી માટે ૮૦૦૦ અને યમુનોત્રી માટે ૫૦૦૦ ભક્તોની સંખ્યા નક્કી કરવામાં આવી છે.

# કેન્દ્ર સરકારે ગુજરાતનાં વિવિધ વિકાસ કામોને રૂ. ૫૧૨૮ કરોડની બહાલી આપી

દેશના રાજ્યોમાં નગરો, મહાનગરોમાં ૧૦૦ ટકા પાણી પુરવઠા તથા ભૂગર્ભ ગટર યોજનાની વ્યવસ્થા પૂરી પાડવા શરૂ કરવામાં આવેલી અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન-અમૃત ૨.૦ મિશન અન્વયે ગુજરાત સરકારે રજૂ કરેલી પ્રથમ તબક્કાના કામો માટેની રૂ.૫૧૨૮ કરોડની દરખાસ્ત કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયે મંજૂર કરી છે. ગુજરાત શહેરી વિકાસ મિશન જીયુડીએમ દ્વારા સ્ટેટ વોટર એક્શન પ્લાનના પ્રથમ તબક્કામાં રાજયની ૮ મહાનગરપાલિકાઓ, ૧૫૬ નગરપાલિકાઓ માટે રજુ કરવામાં આવેલી આ દરખાસ્તમાં પાણી પુરવઠાના ૨૦૬, ભૂગર્ભ ગટર યોજનાના ૭૦ તથા તળાવ નવિનીકરણના ૬૮ અને બાગ-બગીચાના ૬૮ મળી કુલ ૪૧૨ કામોનો સમાવેશ થાય છે

સ્ટેટ હાઈપાવર સ્ટીયરીંગ કમિટિમાં રજુ કરવામાં આવેલી આ દરખાસ્ત રાજ્ય સરકારે કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયની એપેક્ષ કમિટી સમક્ષ તાજેતરમાં રજુ કરી હતી એપેક્ષ કમિટીએ જીયુડીએમની આ સંપૂર્ણ દરખાસ્તનો સ્વીકાર કરીને પ્રથમ તબક્કાના ૪૧૨ કામો અમૃત ૨.૦ હેઠળ આવરી લેવા રૂ.૫૧૨૮ કરોડની રકમ મંજૂર કરી છે. આ સંદર્ભમાં હવે બધા કામોના ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ બનાવીને તથા ટેક્નિકલ એપ્રૂવલ મેળવીને તબક્કાવાર આ કામોનો વિવિધ અમલીકરણ સંસ્થાઓ અમલ કરશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઓક્ટોબર-૨૦૨૧માં પાંચ વર્ષ માટે લોંચ કરેલી અમૃત-૨.૦ યોજના અન્વયે રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં ૧૦૦ ટકા પાણી પુરવઠા પહોચાડવાનો તેમજ ૩૧ અમૃત શહેરોમાં ૧૦૦ ટકા ભૂગર્ભ ગટર યોજનાની વ્યવસ્થા પૂરી પાડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે.ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા આ હેતુસર રૂપિયા ૧૫ હજાર કરોડની રકમના કામો સ્ટેટ વોટર એક્શન પ્લાન અન્વયે ૩ તબક્કામાં હાથ ધરવાનું વિસ્તૃત કાર્યઆયોજન કરવામાં આવ્યું છે. તદઅનુસાર, પ્રથમ તબક્કાના ૫૧૨૮ કરોડ રૂપિયાના ૪૧૨ કામોને કેન્દ્ર સરકારે ત્વરિત મંજૂરી આપતાં રાજ્યના નગરો-મહાનગરોમાં જળવ્યવસ્થાપનના કામોમાં વેગ આવશે અને રાજ્યના નગરો-મહાનગરો કેન્દ્ર અને રાજ્ય સરકારની ડબલ એન્જિનવાળી સરકારની મદદથી જળ આત્મનિર્ભરતા સાકાર કરશે.

# ગોધરા ખાતે મધ્ય ગુજરાત ઝોનના ત્રિ-દિવસીય બ્રહ્મ મહોત્સવ યોજાયો

ગોધરા,

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષાનો મધ્ય ગુજરાત ઝોનનો ત્રિ–દિવસીય બ્રહ્મ મહોત્સવ ગોધરા ખાતે યોજાયો હતો. જેમાં પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, નડિયાદ, આણંદ, વડોદરા એમ આઠ જિલ્લામાં થી ભૂદેવો એ ભાગ લીધો હતો. મેં મહિનાની ભીષણ ગરમીમાં હ્રદયને શાંતા આપતો કાર્યક્રમ યોજાયો હતો. પ્રથમ દિવસે ગોધરાના મહાકાળી મંદિર થી વિશાળ બાઈક મોટર કાર રેલીનું સુંદર આયોજન કર્યું હતું. જેમાં ખુબ મોટી સંખ્યામાં બ્રહ્મ સમાજના ભૂદેવોએ ભાગ લીધો હતો. આ રેલીમાં ઢોલ નગારા સાથે ભગવાન પરશરામનો દિવ્ય રથ અને સમાજના અગ્રણીઓ જોડાયા હતા. આ રેલી કાર્યક્રમના સ્થળે પહોંચી હતી અને ત્યાં ધારાસભ્ય જીજ્ઞેશભાઈ સેવક, પ્રદેશ ઉપાધ્યક્ષ અને મધ્ય ગુજરાત ઝોનના પ્રભારી આશિતભાઈ ભટ્ટ, સંતો મહંતો સાથે કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.



ત્રિ–દિવસીય કાર્યક્રમમાં બિઝનેસ સમિટ અપરણિતનો પોર્ટલ મેળો અને બ્રહ્મ ગૌરવ એવોર્ડ રાખવામાં આવ્યો હતો. રોજ રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રાખવામાં આવ્યા હતા. જેમાં હાસ્ય નાટક "લગ્ન કર્યા અને લોચા પડ્યા" નાટક હતું. બીજા દિવસે હાસ્ય દરબાર હતો. અંતિમ દિવસે ગુજરાતની પ્રખ્યાત ઓરકેસ્ટ્રા "સજદા સિસ્ટર રેખા રાવલ અને દિનેશ રાવલે" સંગીતના સૂરો રેલાવ્યા હતા. આ કાર્યક્રમમાં પણ ખૂબ મોટી સંખ્યામાં ભૂદેવોએ લાભ લીધો હતો. હાલોલના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, ગોધરા નગરપાલિકાના પ્રમુખ સંજયભાઈ સોની, કોંગ્રેસના મંત્રી દક્ષેશભાઈ પટેલ, પ્રેસિડેન્ટ હ્યુન્ડાઈના સુરેશભાઈ દેરાઈ વગેરે બીજા દિવસે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતિમ અને ત્રીજો દિવસે ખુબ મોટી સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિત રહ્યાં હતા. પ.પૂ.ધર્મ ધુરંધર મહામંડલેશ્વર શ્રી અખિલેશ્વર દાસજી મહારાજ, પ.પૂ. લાલજી મહારાજ (વડતાલ), પ.પૂ. ધ. ધુ શ્રી રામશરણ દાસજી મહારાજ, પ. પૂ. ધર્મ ધુરંધર શ્રી ઈન્દ્રજીત મહારાજ, પ્રદેશ અદયક્ષ ભરતભાઈ રાવલ, ધારાસભ્ય જીજ્ઞેશ સેવક, મુખ્ય સંગઠક અશ્વિનભાઈ ત્રિવેદી, અમારા માર્ગદર્શક પરિમલભાઈ પાઠક અને આણંદ જિલ્લા, દાહોદ જિલ્લા, ખેડા જિલ્લા, છોટા ઉદેપુર જિલ્લાના અદયક્ષો, વડોદરા જિલ્લાના પદાધિકારીઓ, પ્રદેશ ટીમના પદાધિકારીઓ અને વિશાળ સંખ્યામાં ભૂદેવો ઉપસ્થિતીમાં સોવેનીયરનું લોકાર્પણ કર્યું, ત્યારે ખુબ મોટી સંખ્યામાં હાજર રહી ભૂદેવોએ એક અનોખો વિક્રમ ગોધરા ખાતે બનાવી દીધો. ત્યારે આખા કાર્યક્રમના પ્રણેતા પ્રદેશ ઉપાદયક્ષ આશિત ભટ્ટે જણાવ્યું હતું કે, બ્રાહ્મણ સંગઠિત થઈ શકે છે અને સાચા બ્રાહ્મણની આંખમાં ઝેર નહિ પણ અમૃત હોય છે, તે સાબિત કરી દીધું છે.

બ્રહ્મ સંગઠન મજબૂત થશે તો દેશ મજબૂત થશે, હિંદુ એકતા મજબૂત થશે, વૈદિક અને સનાતન ધર્મ પણ મજબૂત થશે કારણ કે બ્રાહ્મણ નું કામ ધર્મ સંસ્કૃતિ રક્ષણ અને સંવર્ધન કરવાનું છે, માટે દેશના હિત માટે સંસ્કૃતિના હિત માટે બ્રાહ્મણો એ સંગઠિત થવું પડશે.

ત્યારબાદ અખિલેશ્વર દાસજી મહારાજ, લાલજી મહારાજ, રામશરણ દાસજી મહારાજ, ઈન્દ્રજીત મહારાજ, પ્રદેશ અદયક્ષ ભરતભાઈ રાવલ વગેરેએ સંબોધન કર્યું હતું. વિશિષ્ટ સાહીઠ ભૂદેવોને બ્રહ્મ ગૌરવ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. ત્યારે ઉપસ્થિત ભૂદેવો એ ગગન ભેદી હર હર મહાદેવ અને જય જય પરશુરામની ગર્જના કરી વાતાવરણને ડોલાવી દીધું હતું. છેલ્લે આશિત ભટ્ટે જણાવ્યું હતું કે, આ કાર્યક્રમ માટે જિલ્લા અધ્યક્ષ કાર્તિક ત્રિવેદી અને જિલ્લા મહામંત્રી કુણાલ ત્રિવેદી અને ટીમ પંચમહાલે અદભૂત કામ કર્યું છે. કાર્તિક ત્રિવેદી અને કુણાલ ત્રિવેદી એ મારા જમણા અને ડાબા હાથ બનીને કાર્યક્રમને સફળ બનાવ્યો છે. આ બે સાથીઓ વગર સફળતા મળવી શક્ય નહોતી તેમ કહી બન્ને પદાધિકારીઓનું સંતો સાથે સન્માન કરાવ્યું હતું.

# દાહોદ જિલ્લા વહીવટી તંત્રની ઉમદા પહેલ એકલવ્ય પ્રયાસ અંતર્ગત દાહોદના વિદ્યાર્થીઓ નીટ-જેઇઇની પરીક્ષાઓ માટે માર્ગદર્શન સેમીનાર યોજાયો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા વહીવટી તંત્રની ઉમદા પહેલ એકલવ્ય પ્રયાસ અંતર્ગત દાહોદનાં વિદ્યાર્થીઓ નીટ–જેઈઈની પરીક્ષાઓના માર્ગદર્શન માટે સરકારી ઈજનેરી કોલેજ, દાહોદ ખાતે સેમીનાર યોજાયો હતો. સેમીનારમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓને કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ માર્ગદર્શન આપ્યું હતું. સેમીનારમાં ઝાયડસ કોલેજના હોનહાર વિદ્યાર્થીઓએ પણ નીટ–જેઈઈ પરીક્ષા પાસ કરવા માટેનું માર્ગદર્શન યુવાનોને આપ્યું હતું.

સેમીનારમાં કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ દાહોદનાં વિદ્યાર્થીઓમાં પોતાનો વિશ્વાસ વ્યકત કર્યો હતો અને પરીક્ષા અંગેના પોતાના અનુભવો જણાવીને વિદ્યાર્થીઓનું માર્ગદર્શન કર્યું હતું. તેમણે દાહોદનાં વિદ્યાર્થીઓને નીટ–જેઈઈની પરીક્ષા પાસ કરવા માટે કોઇ પણ પ્રકારની મદદની જરૂર હોય તો તે માટે વહીવટી તંત્ર તત્પર હોવાનું જણાવ્યું હતું.

જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ આ તકે વિદ્યાર્થીઓને પરીક્ષા અંગેની કેટલીક મહત્વની બાબતો અંગે વાકેફ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ પુષ્કર મહેનત કરીને આ પરીક્ષા પાસ કરવી જોઈએ. ગામે ગામ દાહોદ જિલ્લાના જ યુવાનો ડોકટર બનીને સેવા આપે તે જરૂરી છે.

ઝાયડસ મેડીકલ કોલેજના તેજસ્વી વિદ્યાર્થીઓ જેઓ આ પરીક્ષામાં ઝળહળતી સફળતા મેળવી છે તેમને વહીવટી તંત્ર દ્વારા ખાસ આ સેમીનારમાં વકતવ્ય માટે આમંત્રિત કરાયા હતા. જેમાં આઝાબ આયેશા, દિનેશ મેવાડા, શ્રેયાંશ વિરાની, દેવાંશી જોષી, માનસી રામચંદાનીએ સેમીનારમાં વિદ્યાર્થીઓને પરીક્ષા પાસ કરવા માટે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી અને પોતાના અનુભવો પણ જણાવ્યા હતા.

સેમીનારમાં જિલ્લા શિક્ષણાધિકારી કાજલ દવે સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદનાં તેજસ્વી વિદ્યાર્થીઓ નીટ જેઈઈની પરીક્ષાઓ પાસ કરી શકે તે માટે જિલ્લા વહીવટી તંત્રની ઉમદા પહેલ એકલવ્ય પ્રયાસ અંતર્ગત કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી અને જિલ્લા વિકાસ અધિકારી નેહાકુમારીના પ્રેરણા અને માર્ગદર્શનમાં ગત તા. ૨૮ એપ્રીલ, ૨૦૨૨ થી કલાસીસનો પ્રારંભ કરાયો છે.

# સંજેલી તાલુકાના જરોર આંગણવાડી કેન્દ્રના વર્કર ૬ મહિનાથી ગેરહાજર

સંજેલી,

સંજેલી તાલુકાની ૧૩૭ આંગણવાડી કેન્દ્ર આવેલા છે. કેટલીક આંગણવાડી કેન્દ્ર અનિયમિત ખુલતી હોય છે. તેના કારણે બાળકો પોષણયુકત આહારથી વંચિત રહી જતા હોય છે. આઈ.સી.ડી.એસ.વિભાગની મિલીભગત સરકારની અનેક યોજનાઓ ધોળીને પી જતી હોવાનુ તાલુકામાં ચર્ચાનો વિષય બનવા પામ્યો છે.

સંજેલી તાલુકાની જરોરમાં તાવિયાડ જીગીશાબેન આંગણવાડી વર્કર બંને બાજુ નોકરી કરતા હોવાનુ જાણવા મળતા કેન્દ્રની વિઝીટ કરતા વર્કર મેડમ ગેરહાજર હોવાનુ જાણવા મળ્યુ હતુ. એક જાગૃત નાગરિક દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે, આઈ.સી.ડી.એસ વિભાગને આ બાબતે બધી જ ખબર છે છતાં પણ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. સંજેલીના જરોર મુકામે આંગણવાડી વર્કર મેડમ ૬ મહિનાથી અહિંયા આવતા નથી. તે મેડમ સુરત બારડોલી ખાતે પણ ફરજ બજાવે છે. અને તેમને બંને બાજુ નોકરી કેવી રીતે ચાલે છે...?તેની તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

આઇ.સી.ડી.એસ. વિભાગ દ્વારા તપાસ કરવામાં આવતી નથી અને વર્કર મેડમ હાજર ન જણાતા નોટિસ પણ આપવામાં આવી અને ૧૫ દિવસનો પગાર કાપવામાં આવ્યો હતો પરંતુ નોટિસ આપી સુરસુરિયુ સંજેલી તાલુકાની ૧૩૭ કેન્દ્ર આવેલા છે. કેટલાક આંગણવાડી કેન્દ્ર બંધ હાલતમાં છે. રાબેતા મુજબ ચાલુ થશે કે કેમ તે જોવાનુ રહ્યુ. સંજેલી તાલુકાની ૧૩૭ આંગણવાડી વર્કરો પાસેથી આઈ.સી.ડી.એસ.ની રહેમ નજર હેઠળ કરી હોય તેવુ લાગી રહ્યુ છે.

# આપની આજ.......

મેષ : આજે કોઈ અધ્યાત્મિક ગતિવિધિમાં તમારો વિશેષ રસ રહેશે અને તેમાં સમય પણ પસાર થશે. કાર્યક્ષેત્રમાં તમારો સમય ઓછો પસાર થશે. પારિવારિક વાતાવરણ સુખમય જળવાયેલું રહેશે. ઘરના વડીલ તથા અનુભવી વ્યક્તિઓની સલાહ અને માર્ગદર્શનને ઈગ્નોર ન કરો.

વૃષભ : વ્યવસાયમાં કોઈ પ્રકારના રોકાણ કરવાનું પ્લાનિંગ કરી રહ્યા છો તો સમય અનૂકૂળ છે. કોઇ નજીકના સંબંધી કે મિત્ર સાથે વાદ-વિવાદ થવાની સ્થિતિ બની શકે છે. તમે શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ અનુભવ કરશો. આજે કોઇ મહત્ત્વપૂર્ણ સૂચના મળી શકે છે.

મિથુન : પાડોસીઓ સાથે કોઈપણ વાતને લઇને બિલકુલ ન ગુંચવાશો. સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. કોઇ પારિવારિક વાદ-વિવાદ આજે પૂર્ણ થવાથી ઘરમાં સુકૂન અને શાંતિનું વાતાવરણ રહેશે. વ્યપારિક ગતિવિધિઓ હાલ ધીમી જ રહેશે.

કર્ક : ક્યારેક-ક્યારેક વધારે કામનો ભાર હોવાથી તણાવ તમારી ઉપર હાવી થઇ શકે છે. ઘરના વડીલો સાથે થોડો સમય પસાર કરો. આ સમયે વ્યવસાયિક દષ્ટિકોણથી સમય અનુકૂળ છે. આજે કોઇને ઉધાર આપશો નહીં. પારિવારિક વ્યવસ્થા શાંતિપૂર્ણ રહેશે.

સિંહ : ગણેશજી કહે છે, સ્વયં ઉપર વિશ્વાસ રાખવો જરૂરી છે. કાર્યક્ષેત્રમાં તમારું મેનેજમેન્ટ તથા કર્મચારીઓ સાથે યોગ્ય તાલમેલ જાળવી રાખીને કામની ગતિને વધારી શકાય છે. આજનો દિવસ પારિવારિક તથા આર્થિક બંને દષ્ટિએ શુભ ફળદાયક રહેશે. આત્મ ચિંતન કરવાથી તમને ખૂબ જ વધારે માનિસક શાંતિનો અનુભવ થશે.

કન્યા : રૂપિયાની બાબતે કોઇના ઉપર વિશ્વાસ કરશો નહીં. ઘરમાં અનુશાસન પૂર્ણ વાતાવરણ રહેશે. તમારે તમારા વ્યવહારિક દષ્ટિકોણ અને ઉન્નત વિચાર દ્વારા કોઈ સફળતા પ્રાપ્ત થશે. વેપારમાં કામની ક્વોલિટી ઉપર વધારે ધ્યાન આપવાની જરૂરિયાત રહેશે.

તુલા : કોઇ જૂની સમસ્યાનો ઉકેલ મળવાથી ખૂબ જ વધારે સુકૂન અનુભવ કરશો. દગો થવાની પણ સંભાવના છે. તમારા સ્વભાવમાં પરિપક્વતા લાવવાની જરૂરિયાત છે. પારિવારિક તથા વ્યવસાયિક જીવનમાં સારું તાલમેલ જળવાયેલું રહેશે.

વૃશ્ચિક : બાળકોના કરિયરને લગતી કોઇ સમસ્યાનો ઉકેલ મળવાથી તણાવ દૂર થશે. વેપારમાં પબ્લિકને લગતા રિલેશન તરફ વધારે ધ્યાન આપવાની જરૂરિયાત છે. શરદી અને વાયરલને લગતી પરેશાની થઇ શકે છે.

ધનુ : મિત્રો સાથે હરવા-ફરવામાં તમારો સમય ખરાબ ન કરો. લગ્ન સંબંધોમાં મધુરતા રહેશે. નજીકના સંબંધીઓ ઘરમાં આવી શકે છે અને ખાસ મુદ્દા અગે ગંભીર ચર્ચા થઇ શકે છે.

મકરઃ તમારી ક્ષમતાથી વધારે દેવુ લેવાથી બચવું. પતિ-પત્નીનો એકબીજા સાથે તાલમેલ સારો જળવાયેલો રહેશે. વ્યવસાયમાં એક નિશ્ચિત રણનીતિ બનાવીને કામ કરવું જરૂરી છે. કોઈપણ મુશ્કેલ કામને પોતાના પરિશ્રમ દ્વારા ઉકેલવાની ક્ષમતા રાખશો.

કુંભ : સ્વાસ્થ્ય ઉત્તમ રહેશે. આજે તમારા જીવનમાં કોઈ અજીબ ઘટના બની શકે છે. જેનો પોઝિટિવ પ્રભાવ તમારા વ્યક્તિત્વ ઉપર પડશે. વેપારમાં આ સમયે આર્થિક મામલે વધારે મનન અને ચિંતન કરવાની જરૂરિયાત છે.

મીન : ક્યારેક અતિ આત્મવિશ્વાસ જ તમારી પરેશાનીનું કારણ બની શકે છે. પતિ-પત્નીની વચ્ચે અહંકારને લઇને વિવાદ થઇ શકે છે. વ્યક્તિગત કાર્યોમાં વ્યસ્તતાના કારણે આજે વેપારને લગતા મોટાભાગના કામ ઘરેથી જ કરવા પડશે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દે.બારિયા નગરનામાં રાજમહેલ રોડ ઉપર આવેલ એસ.આર. પેટ્રોલ પંપ ઉપર દિન દહાડે લૂંટ

- પેટ્રોલ પંપના કેશિયર ની આંખોમાં મરચાની ભૂકી નાંખી લૂંટ ચલાવી.
- બે પેટ્રોલ પંપની સિલક એકત્ર થતાં જ લૂંટારૂઓ ત્રાટક્યા.
- લૂંટારો લાખો રૂપિયાની લૂંટ ચલાવી ફરાર.
- પેટ્રોલ પંપનો કેશિયર કંઈક સમજે તે પહેલાં તો લૂંટારૂઓ પલાયન.
- પેટ્રોલ પંપની લૂંટને અંજામ આપનાર જાણભેદુ હોવાની આશંકા.
- દિન દહાડે લૂંટ નો બનાવ બનતા પોલીસ ઘટના સ્થળે પહોંચી પોલીસે તપાસનો દોર શરૂ કર્યો.

દાહોદ,

દાહોદ જિલ્લાના દે. બારીયા નગરમાં આવેલા પેટ્રોલ પંપ પર ત્રાટકેલા અજાણ્યા બે થી ત્રણ લૂંટારૂઓએ કેશીયરની આંખમાં મરચાની ભૂકી નાખી લાખોની મત્તા લઈને ભાગી છૂટવામાં સફળતા મેળવી હોવાનું સનસની ખેજ બનાવ બનવા પામ્યો છે.પેટ્રોલ પંપની ઓફિસમાં ત્રાટકેલા લૂંટારૂઓએ પુરાવાના નાશ કરવાનાં ઈરાદે DVR સિસ્ટમ પણ સાથે લઈ ગયા હોવાથી લૂંટારૂઓ જાણભેદું હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ઘટનાથી ચોકી ઉઠેલી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાહોદ જિલ્લાના દે. બારીયા નગરના રાજમહેલ રોડ આવેલા એસ્સાર કંપનીના પેટ્રોલ પંપ પર ભર બપોરે ગ્રાહકના સ્વાંગમાં આવેલા બે કે ત્રણ ઈસમોએ પેટ્રોલ પંપની ઓફિસમાં જઈ કેશીયર કંઈક સમજે તે પહેલા જ તેની આંખોમાં મરચાની ભૂકી નાખી લાખોની મત્તાને લૂંટી જવામાં સફળતા મેળવી છે. કેશીયર કંઈક સમજે કે બોલે તેની બુમાબુમથી પેટ્રોલ ફિલર તેમજ અન્ય કર્મચારીઓ ઓફિસ સુધી પહોંચે તે પહેલા જ લૂંટારૂઓ પલાયન થઈ જવા પામ્યા હતા. ઘટનાની જાણ વાયુવેગે ફેલાતા પેટ્રોલ પંપ પર લોક ટોળાં એકઠા થઈ ગયા હતા. તો ઘટના સ્થળે આવી પહોંચેલી પોલીસે સમગ્ર ઘટનાને કેવી રીતે અંજામ આપ્યો..? તેની તપાસ હાથ ધરી હતી. દે. બારીયા નગરની તમામ સરહદો પોલીસે સીલ કરી હતી. આખી ઘટના CCTV કેમેરામાં કેદ થઈ છે કે કેમ..? તે જોવાનો પ્રયાસ કરાયો ત્યારે લૂંટારૂઓ DVR સિસ્ટમ પણ સાથે લઈ ગયાનું સામે આવ્યું છે. ખુબ જ શાંતિપૂર્ણ અને ફિલ્મી ઢબે થયેલી લૂંટમાં ‘‘ઘર કાં ભેંદી લંકા ઢાયે’’ એટલે કે પંપની તમામ ગતિવિધિઓ જાણતો કોઈ અંદરનો ઈસમ પણ સંડોવાયેલ હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ધોળે દહાડે બનેલી લૂંટની ઘટનાથી પંથકમાં તથા પેટ્રોલ પંપ સંચાલકોમાં એક પ્રકારનો ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. તો રાજ્ય તથા જિલ્લામાં ઉપરા છાપરી બનતી આવી ઘટનાઓને અટકાવવામાં આવે તેવી લાગણી તથા માંગણી ઉઠવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ લૂંટ જાણભેંદું દ્વારા અનુમાન પણ એટલે જ કરાઈ રહ્યું છે કે, આજ પેટ્રોલપંપ સંચાલકની અન્ય પેટ્રોલ પંપની સિલ્લક પણ આ પંપ પર એકઠી કરી જેતે વહીવટ કરાતો હોય છે અને આજે પણ લૂંટને અંજામ અપાયો ત્યારે બન્ને પંપની સિલ્લક એકસાથે લૂંટી જવાઈ છે. સમગ્ર ઘટના અંગે સાચો પ્રકાશ તો જેની આંખમાં મરચાની ભૂકી નખાઈ છે. તે કેશીયર જ વર્ણવી શકે તેમ છે. જ્યારે તમામ પેટ્રોલ પંપ વધુ સલામતી અંગેના વધુ પગલાં લેવામાં આવે તેવી રજૂઆત કરાઈ હોવાનું જાણમાં આવેલું છે.

## દાહોદ પાલિકાની સામાન્ય સભા રદ કરવા વિરોધ પક્ષના નેતાએ પ્રમુખને રજુઆત

દાહોદ,

દાહોદ નગરપાલિકાની તારીખ ૨૦મી મેના રોજ ત્રિ માસીક સામાન્ય સભા યોજાનાર છે. આ સામાન્ય સભા તાત્કાલિક અસરથી રદ્દ કરવા માટે દાહોદ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા દ્વારા રદ કરવા માટે દાહોદ નગરપાલિકાના પ્રમુખને લેખિત રજુઆત કરવામાં આવી છે.

દાહોદ નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા કાઈદ મોઈઝભાઈ ચુનાવાલા દ્વારા દાહોદ નગરપાલિકાના પ્રમુખને લેખિતમાં કરવામાં આવેલ રજુઆતમાં જણાવ્યાં અનુસાર, દાહોદ નગરપાલિકાની ત્રિ માસીક સામાન્ય સભા તારીખ ૨૦.૦૫.૨૦૨૨ને શુક્રવારના રોજ સાંજના ૫.૦૦ કલાકે નગરપાલિકાના સેન્ટ્રલ વોટર વર્ક્સ ખાતે રાખવામાં આવેલ છે. જેમાં સામાન્ય સભા દાહોદ નગરપાલિકા અધિનિયમની કલમ ૫૧ મુજબ નગરપાલિકાની દરેક બેઠક જે તે નગરપાલિકાના મ્યુનીસીપલ કચેરી તરીકે વપરાતી હોય તે ઈમારત તે ઈમારતમાંજ રાખવાનું નિયમ હોવા છતાં દાહોદ નગરપાલિકા દ્વારા ગેરકાયદેસર નગરપાલિકાના અધિનિયમના ઉપરવટ જઈ અન્ય સ્થળે બેઠક રાખીને નગરપાલિકા અધિનિયમનો ભંગ કરેલ હોય જેથી ઉપરોક્ત હકીકત ધ્યાન લઈ દાહોદ નગરપાલિકાની જે તે સ્થળે ગેરકાયદેસર રાખવામાં આવેલ ત્રિ માસીક સામાન્ય સભા તાત્કાલિક અસરથી રદ્દ અને તેની જાણકારી નગરપાકિના કાયદેસર ચુંટાયેલા તમામ સદસ્યઓને આપવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી અને જો તેમ કરવામાં નહીં આવે તો વિરોધ પક્ષના નેતા દ્વારા સામાન્ય સભા બોયકોટ કરવાની અને ન્યાય માટે કોર્ટનો આસરો લેવાની ફરજ પડશે તેવી પણ ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

# ભારતીય સંસ્કૃતિ



જીજ્ઞા કપુરીયા (નિયતી)

આપણો આ ભારતદેશ બહુધર્મી છે. ભાતીગળ પ્રજાની ભાતીગળ સંસ્કૃતિ છે.

તો મિત્રો, આ સંસ્કૃતિ એટલે શું?

સંસ્કૃતિ એટલે,‘‘પ્રજાનું લાક્ષણિક જીવન, રીતિરિવાજ, પહેરવેશ, ખાનપાન અને સમાજના સભ્ય તરીકે આપણા વિચારો કંઈક કરી શકવાની ભાવના સાથે આપણા વિકસાવેલા એકમને સંસ્કૃતિ કહેવાય.’’

આજે ભારતીય સંસ્કૃતિ વિશ્વગુરૂ બનવા તરફ પ્રયાણ કરી રહી છે. એમાં પણ આપણી ખાનપાન રૂપી ખજાનાની તો દુનિયા દિવાની છે. હા મિત્રો, આપણાં આ ભંડારે તો દુનિયામાં ડંકો વગાડી દીધો છે! આજે અલગ અલગ પ્રદેશનું એમનું જ ખાણું એમની આગવી ઓળખ બની ગઈ છે ! જેમકે

ગુજરાતનાં ઢોકળાં ફાફડા જલેબી, ઉંધિયું, ઉબાડિયું, રોટલાને ઓળો વગેરે.

પંજાબનાં લસ્સી, સરસોં કા સાગ, મકકેકી રોટી,

મહારાષ્ટ્રનાં ઉસળ મિશળ અને વડાપાવ.

દક્ષિણ ભારતનાં ઈડલી ઢોસા.

આમ અલગ અલગ પ્રાંતની વિવિધ વાનગી દુનિયાભરમાં પ્રખ્યાત છે!

મિત્રો, આ તો થઈ કોઈ પ્રદેશની વાનગીઓ પણ તમને ખબર છે એક વાનગી એવી છે જેની તોલે દુનિયાની કોઈ પણ ન કરી શકે?

તો એ છે માતાની હાથે બનેલી વાનગી.

કોણજાણે માતાનાં હાથમાં ભગવાને કઈ મીઠાશ મૂકી છે કે એનાં હાથે બનેલા ભોજનની મહત્તા અનેરી જ છે. એનાં હાથે બનેલાં ભોજનથી મન તો શું આત્મા પણ તૃપ્ત થઈ જાય છે!

તો ચાલો મિત્રો અહીં મારી લખેલી એક કવિતાની લહેજત માણીએ,

મારી માતાનો ઘડેલો રોટલો

તમારા લકઝરીયસ પીઝામાંથી નીકળીને તમારી માતાનાં કામગરા હાથે ઘડાયેલા રોટલાની લહેજત માણીને તો જોજો એની મીઠાશને અનુભવી તો જોજો....

એ રોટલો,
જેને ઘડતાં તમારી માતાનાં હાથ પણ દાઝ્યાં હશે પણ તમારી ભૂખને સંતોષવા એની અવહેલના કરી હશે......

એ રોટલો,
જેને ગોળ અને ઘીથી તરબોળ કર્યા હશે અને તમને કોળિયો ભરાવીને પછી હરખનાં આસું લૂછ્યાં હશે......

એ રોટલો,
તમે જયારે ભુખ્યાં ભડભડતાં ઘરે આવતાં હશો ત્યારે તમારી માતાએ કીધું હશે અબઘડી ઘડી દઉ રોટલો એમ કહી ત્રાહડી હાથમાં લીધી હશે....

એ રોટલો,
જેની સાથે તમારી માતાએ લસણની ચટણી, ડુંગળી, રીંગણાનો ઓળો અને તાહડી ભરીને છાશ જેને જોતાંવેંત મોઢાંમાં પાણી છુટ્યું હશે....

કોક દિવસ તમારી માતાનાં હાથે ઘડાયેલાં રોટલાની પ્રેમ રૂપી મીઠાશની લિજ્જત માણી તો જોજો કોઈ પંચતારક હોટલમાં પણ આવી મજા નહીં જ હોય!

ખરેખર મિત્રો, માતાનાં હાથમાં મીઠાશ છે એની તો વાત જ નિરાળી છે પણ શું કરૂં! આ નિયતીનાં નસીબમાં એ મીઠાશ રહી નથી કારણ મારી જન્મદાત્રી મારી જનની ઈશચરણે થઈ ગઈ છે.

## દાહોદના આચાર્ય દ્વારા નાની ઉંમરમાં વધુ યજ્ઞ કરાવતા તેમનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અંકિત થતા તેઓને મુખ્યમંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા



દાહોદ,

દાહોદ શહેરના રહેવાસી ડો રાજા શાસ્ત્રી એ અને તેમના સાથી પંડિતો દ્વારા નાની ઉમરમાં ગુજરાત જ નહી પરંતુ ભારત દેશમાં સહીત વિદેશોમાં પણ રૂદ્ર યાંગ લક્ષ્મી યાગ વિષ્ણુ યાગ ગણેશ યાગ શહસ્ત્ર ચંડી જેવા ૧૪ હજારથી પણ વધુ યજ્ઞ કરાવતા તેઓનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું હતું. તે અંતર્ગત ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા તેઓને એવોર્ડ તેમજ સિલ્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. દાહોદના આચાર્ય રાજા શાસ્ત્રી એ આટલી નાની ઉંમરમાં યજ્ઞ સમ્રાટની ઉપાધિ પ્રાપ્ત કરી નાની ઉંમરમાં જ ૧૪ હજારથી પણ વધુ યજ્ઞ કરાવી ભારત જ નહી પરંતુ વિદેશોમાં પણ ભારત દેશનો ડંકો વગાડી તેમને ભારત દેશને ગૌરવ પ્રાપ્ત કરાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડો. રાજા શાસ્ત્રીએ જગતગુરૂ માધવાચાર્યજી પાસે કર્મકાંડ અંગેની તાલીમ લીધી હતી. તો નાગપુર ઓમકારેશ્વર વિશ્વ વિદ્યાલયથી યજ્ઞ પર પીએચડી કરી હતી. તેમજ તેઓએ માત્ર ૧૪ વર્ષની વયે જ કર્મકાંડ સહીત વિવિધ પ્રકારના યજ્ઞ કરવાની શરૂઆત કરી હતી. પોતે અને પોતાની ટીમ સાથે ૩૬ વર્ષ સુધીમાં એટલે કે હાલ સુધીમાં ૧૪,૦૦૦ કરતા યજ્ઞો કરીને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવી માત્ર દાહોદ નહિ પણ ગુજરાતને પણ ગૌરવ પ્રાપ્ત કરાવ્યું છે. દાહોદના યુવાન રાજાભાઈ શાસ્ત્રીએ જ્યોતિષ આચાર્યાની પણ અનેક પદવીઓ પ્રાપ્ત કરેલી છે. દાહોદને ગૌરવ પ્રાપ્ત કરાવનાર રાજાભાઈ શાસ્ત્રીને અનેક સંસ્થાઓ અને અગ્રણીઓએ અભિનંદન પાઠવ્યા છે.

## ધાનપુરના ભીંડોલની ૨૧ વર્ષિય યુવતીએ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના ભીંડોલ ગામે ૨૧ વર્ષની યુવતીએ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ધાનપુર તાલુકાના ભીંડોલ ગામે હોળી ફળિયામાં રહેતા ૨૦ વર્ષિય સુશીલાબેન છગનભાઈ ડામોરે અગમ્ય કારણોસર ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવારજનોમાં ગમગીની છવાઈ હતી. ઘટનાને પગલે સ્થળ પર પોલીસ પહોંચી ગઈ હતી અને મૃતદેહને નીચે ઉતારી નજીકના દવાખાને પી.એમ.અર્થે મોકલી દીધા હતા. આ સંબંધે ભીંડોલ ગામે હોળી ફળિયામાં રહેતા કિરણભાઈ છગનભાઈ ડામોરે ધાનપુર પોલીસ મથકે જાણ કરતા પોલીસે આ સંબંધે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગરબાડાના ઝરી ખરેલીમાં ડુંગળીના સૌથી વધુ ઉત્પાદન ચાલુ વર્ષે યોગ્ય ભાવ ન મળતાં ખેડુતોને નફામાં નુકશાન

- નાણાંની ભીડ હોવાના કારણે ભાવ ન મળતો હોવા છતાં પણ ખેડૂતોએ ડુંગળી વેચવી પડે જ્યારે અનેક ખેડૂતો આજે પણ ડુંગળીનો સંગ્રહ કરી તેને હાટ બજારમાં વેચી રહ્યા છે.
- દર વર્ષે ૭૦૦ થી ૮૦૦ એકરમાં ડુંગળીનો પાક લેવામાં આવે છે.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકામાં ડુંગળીનું સૌથી વધુ ઉત્પાદન ઝરી ખરેલીમાં થાય છે. ત્યાંના ૪૦૦ થી ૫૦૦ જેટલા ખેડૂતો અંદાજિત ૮૦૦ એકર જમીનમાં દેશી ડુંગળીનો પાક લે છે. અગાઉના સમયમાં માર્કેટમાં ડુંગળી ૨૨૦૦ થી ૨૫૦૦ રૂપિયા ક્વિન્ટલ ખરીદવામાં આવતી હતી, પરંતુ હાલમાં ચાલુ વર્ષે માર્કેટમાં ડુંગળી ૬૦૦ થી ૧૦૦૦ ના ભાવમાં જ ખરીદવામાં આવી રહી છે. નાણાંની જરૂરિયાત હોવાના કારણે ઓછો ભાવ હોવા છતાં પણ ખેડૂતોએ ના છૂટકે પોતાનો માલ વેચવો પડી રહ્યો હતો. જ્યારે અનેક ખેડૂતો એવા પણ છે કે, જેઓએ પોતાની ડુંગળી આજે પણ ઘરમાં અને ખેતરોમાં સંગ્રહ કરી રાખે છે અને તેઓ હાટ બજારમાં સારા ભાવમાં તેને વેચી રહ્યા છે. ડુંગળીના ભાવ બાબતે પિસુભાઈ ગણાવા દ્વારા અગાઉ કલેકટર અને દાહોદ એપીએમસી તેમજ ગાંધીનગર સુધી જાણ કરવામાં આવી હોવાનું તેઓએ જણાવ્યું હતું પરંતુ પરિણામ મળેલ ન હતું. આમ માર્કેટમાં ગરીબની કસ્તૂરી ગણાતી ડુંગળીનો ભાવ ઓછો હોવાના કારણે ચાલુ વર્ષે ખેડૂતોને નફામાં નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

ડુંગળીને ઉગાડવા માટે ખેડૂત ત્રણથી ચાર માસ મહેનત કરે છે. ત્યારે ડુંગળીનો પાક તૈયાર થાય છે. બિયારણ રોપિયા બાદ એક માસ પછી તેને ઉપાડી તેમાંથી ડુંગળી છૂટી પાડી ફરીથી તેને રોપવામાં આવે છે અને ત્યારબાદ ત્રણ માસ પછી ડુંગળીનો પાક તૈયાર થાય છે.

ડુંગળીના બિયારણને ખેડૂતો પોતાના ઘરમાં માળિયામાં આઠ માસ સુધી લટકાવી રાખે છે. જેથી કરી તેને હવા અને પ્રકાશ મળતો રહે અને તે ખરાબ ન થાય ઘરના માળિયા માંથી લટકા વેલા ડુંગળીના બિયારણના લુમ ઘરની શોભા પણ વધારતા હોય તેમ લાગે છે. ઝરી ખરેલીમાં દર વર્ષે ૨૫000 ક્વિન્ટલ જેટલું ડુંગળીનું ઉત્પાદન થાય છે.

# દાહોદ જિલ્લા ભાજપ પ્રમુખે કાર્યાલય નિધિ માટે સમર્પણનો ચીતરેલો ચીલો આગળ વધ્યો



દાહોદ,

દાહોદ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના નવીન કાર્યાલયનું નિર્માણ હાલ પૂરજોશમાં ચાલી રહ્યુ છે. તેના માટે દાનની સરવાણી પણ અવિરત વહી રહી છે ત્યારે શીર્ષ નેતાઓ પણ પોતાને મળતી ભેટ સોગાદો આ કાર્ય માટે અર્પણ કરી રહ્યા છે.હાલમાં જ સાસંદ પુત્રીના લગ્નમાં આવેલા પ્રદેશ પ્રમુખે તેમને સન્માનમાં પહેરાવેલો ચાંદીનો કંદોરો પણ કાર્યાલય નિધિ માટે અર્પણ કરી દઈને ફરી એક વાર સમર્પણનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.

દાહોદ જિલ્લા ભારતીય જનતા પક્ષના કાર્યલયનું નિર્માણ હાલ ચાલી રહ્યુ છે અને તેના ભોંય તળિયા અને પ્રથમ માળના ધાબા પણ ભરાઈ ચુક્યા છે. હવે ત્રીજું ધાબુ ભરાવાની તૈયારી છે. ત્યારે કાર્યકરો, શુભેચ્છકો અને સમર્થકો દ્વારા તન,મન અને ધનથી મદદ મળી રહી છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ આશરે ૬ માસ પહેલા દાહોદ મુકામે સ્નેહ મિલન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ આમલીયારે તેમને મળેલી ચાંદીની તમામ ભેટ સોગાદો કાર્યાલય નિધિના નિર્માણ માટે પ્રદેશ પ્રમુખને અર્પણ કરી દીધી હતી. આશરે ૭ કિલો જેટલા ચાંદીના ભોરિયા (કડા) તેમજ અન્ય અલંકારો અર્પણ કરી દીધા હતા. ત્યારે આ જ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલને પણ વિવિધ નેતાઓએ ચાંદીના ભોરિયા અને કંદોરા પહેરાવી સન્માન કર્યુ હતું. તે તમામ જણસો પણ તુરત જ અને તે જ કાર્યક્રમમાં દાહોદ જિલ્લા ભાજપાના કાર્યાલય નિધિ માટે અર્પણ કરી દીધા હતા. ત્યાર બાદ ઘણાં કાર્યકરો મન મુકીને મદદ કરી રહ્યા છે. તેવા સમયે થોડા દિવસ પહેલાં જ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સાંસદ જશવંતસિંહ ભાભોરના સુપુત્રીના લગ્નમાં મહિમાનગતિ માંણવા આવ્યા હતા. તે સમયે પણ સાંસદે તેઓને ચાંદીનો કંદોરો પહેરાવી સ્વાગત કર્યુ હતું. ત્યારે તેઓએ પરત જતી વખતે જ આ કંદોરો પણ કાર્યાલય નિધિ માટે અર્પણ કરી દીધો હતો. જે કંદોરો આજે જિલ્લા પ્રમુખ શંકરભાઈ આમલીયારને સુપ્રત કર્યો હતો. આમ, જિલ્લા પ્રમુખે કાર્યાલય નિધિ કાજે કરેલો નિર્ણય તેની દિશામાં જ આગળ વધી રહ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, દાહોદ જિલ્લામાં કોઈ પણ નેતા આવે ત્યારે આદિવાસી પરંપરા પ્રમાણે તેમનું સ્વાગત કરવામાં આવે છે અને તેમાં આદિવાસી ઝુલડી,પાઘડી, તીર કામઠું આપી ચાંદીના ભોરિયા અને કંદોરા પહેરાવવામાં આવે છે. ત્યારે પ્રથમ વખત કોઈ નેતાઓ દ્વારા પોતાના પક્ષના જ કાર્યાલય કે જે આજીવન કાર્યકર્તાઓ માટે જ રહેવાનુ છે તેના નિર્માણ માટે પોતાને મળેવી ભેટ સોગાદો અર્પણ કરવામાં આવી રહી છે.

## દાહોદ કસ્બા વિસ્તારમાં જુગારધામ ઉપર રેઈડ કરી ત્રણ જુગારીયાને પોલીસે ઝડપ્યા

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા વિસ્તારમાં ગંજી પત્તા પાના વડે હારજીતના જુગાર ધામ પર પોલીસે ઓચિંતી રેડ પાડતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે ત્રણ જુગારીઓને ઝડપી પાડી તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૨,૮૯૦ની રોકડ રકમ ઝડપી પાડી જ્યારે ચાર જેટલા જુગારીઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૫મી મેના રોજ દાહોદ શહેર પોલીસને મળેલ બાતમીના આધારે કસ્બા વિસ્તારમાં ઓચિંતી રેડ પાડી હતી. જાહેરમાં જુગાર રમી રહેલ જુગારીઓમાં પોલીસને જોઈ નાસી ભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતો. પોલીસે જુગાર રમી રહેલ ૭ જુગરીઓ પૈકી જુનેદ સુલેમાન મુંડા (રહે. મોટા ઘાંચીવાડ, દાહોદ), સાજીદખાન શબ્બીર ખાન પઠાણ (રહે. કસ્બા, જુનાવણકરવાસ, દાહોદ) અને અબરાલ હુસેનભાઈ મકરાણી (રહે. કસ્બા, દાહોદ) ને ઝડપી પાડ્યાં હતાં તેઓની અંગ ઝડતી કરતાં પોલીસે તેઓની પાસેથી રોકડા રૂપીયા ૨,૮૯૦ની રોકડ રકમ ઝડપી પાડી હતી જ્યારે પોલીસને જોઈ જહીર હારૂન પઠાણ (રહે. કસ્બા, દાહોદ), ફિરદોશ હુસેન પિંજારા (રહે. કસ્બા, મોટાઘાંચીવાડ, દાહોદ), ઈમરાન સપીભાઈ પાટુક (રહે. કસ્બા, બારીયાવાડ, દાહોદ) અને સેમ્યુદીન જેન્યુદ્દીન કાઝી (રહે. ચોકી નંબર ૫ની સામે, દાહોદ) નાઓ પોલીસને ચકમો આપી નાસી જવામાં સફળ રહ્યાં હતાં.

દાહોદ શહેર પોલીસે ઉપરોક્ત સાતેય ઈસમો વિરૂદ્ધ જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

**ગરબાડામાં પ્રસંગો પાત વિના રોકટોક ખાનગી વાહનોમાં આશ્ચર્ય પ્રમાણે તે એટલી બધી સવારીઓ ભરવામાં આવી રહી છે. તો બીજી તરફ પોલીસ વિભાગને પણ અનેક કામગીરી હોવાના કારણે તેઓ આ બાબતે ધ્યાન આપી શકતા નથી અને વાહનચાલકોને મોકળું મેદાન મળી ગયું હોય તેમ લાગી રહ્યું છે. આવા સમયમાં જો અકસ્માતની ઘટના બને તો શું પરિસ્થિતિ થાય તે વિચાર માંગી લે તેવી બાબતો બની છે.**

## ઝાલોદના બાંસવાડા રોડ ઉપર જુગાર રમતા ૪ ઈસમોને ૭૭ હજારના મુદ્દામાલ સાથે ઝડપ્યા

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરમાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં ગંજી પત્તા પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રહેલ ૪ ઈસમોને પોલીસે ઝડપી પાડી રોકડા રૂપીયા, મોરસાઈકલ તેમજ મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા. ૭૭,૦૯૫નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ચારેય જણાને જેલના સળીયા પાછળ ધકેલી દીધાંનું જાણવા મળે છે.

ગત તા.૧૫મી મેના રોજ ઝાલોદ પોલીસને મળેલ બાતમીના આધારે ઝાલોદ નગરના બાંસવાડા રોડ ખાતે ખુલ્લી જગ્યામાં જુગાર ધામ પર ઓચિંતી રેડ પાડી હતી. પોલીસની રેડ જોઈ જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે ગંજી પત્તા પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રહેલ રોહિતભાઈ ગવસીંગભાઈ ભાભોર (રહે. ઝાલોદ, ખાંટવાડા), ઈરફાનભાઈ અબ્દુલમજીદ ડોકીલા (રહે. ઝાલોદ, મસ્જીદની પાસે), આરીફભાઈ ગનીભાઈ ડાયા (રહે. કોળીવાડ, ઝાલોદ) અને આરીફભાઈ અયુબભાઈ મતાદાર (રહે. ગીતામંદિર રોડ, ઝાલોદ) નાઓની અટકાયત કરી તેઓની અંગ ઝડતીમાંથી રોકડા રૂપીયા ૧૮,૪૫૦, ૪ મોબાઈલ ફોન કિંમત રૂા. ૧૨,૫૦૦, ૨ મોટરસાઈકલ કિંમત રૂા. ૪૦,૦૦૦ તેમજ દાવ પરથી રોકડા રૂપીયા ૬,૦૫૫ એમ વિગેરે મળી પોલીસે કુલ રૂા. ૭૭,૦૯૫નો મુદ્દામાલ કબજે કરી ઉપરોક્ત ચારેય જુગારીઓ વિરૂદ્ધ ઝાલોદ પોલીસે જુગારધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆના સીમલાઘસી ગામે ખેતરમાં કરંટ લાગવાથી બે વ્યકિતના મોતના કેસમાં બે આરોપીઓને ૧૦ વર્ષની કેદની સજા ફટકારતી કોર્ટ

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના સીમલાઘસી ગામે બે ખેડુતોએ ખેતરના શેઢે વીજ કરંટ મુકતા બે વ્યકિતના મોત નીપજતા સાગટાળા પોલીસ મથકે ફરિયાદ દાખલ થતાં જે અંગેનો કેસ ચાલી જતા કોર્ટે બંને આરોપીઓને તકસીરવાર ઠેરવી ૧૦ વર્ષની સાદી કેદની સજા તથા એક લાખ રૂપિયાનો દંડ તેમજ પ્રત્યેક આરોપી દંડ નહિ ભરે તો વધુ ૧૨ માસની કેદની સજાનો હુકમ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીઆ તાલુકાના સીમલાઘસી ગામમાં બે ખેતર માલિકો નટુશંકર બારીયા તથા મોહન મોતી બારીયાએ ખેતરમાં ગત તા.૧૭મી ઓગસ્ટ ૨૦૧૭ના રોજ જંગલી જાનવરોથી મકાઈના પાકને નુકસાન ન થાય તેમ કરી ઈલેકટ્રીક વાગર ગોઠવી વીજપ્રવાહ ચાલુ કરી ખુલ્લા વાયરો ગોઠવ્યા હતા તે દરમિયાન જયમીન બળવંત બારીયા તથા ધીરા માસુખ બારીયાનુ કરંટ લાગવાથી મોત નીપજયું હતુ. જે અંગેની પોલીસ ફરિયાદ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ દાખલ થતા પોલીસે બંને સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી જે કેસ લીમખેડાના ત્રીજા એડિ.સેશન્સ જજ.પી.પી. પુરોહિતની કોર્ટમાં ચાલી જતા કોર્ટે સીમલાઘસી ગામના નટુ બારીયા તથા મોહન બારીયાને તકસીરવાર ઠેરવી ૧૦ વર્ષની સાદી કેદની સજા તથા એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.224

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા


પંચમહાલ સમાચાર

## ગોધરા પાલિકા તંત્રને કર્મચારીઓના પગાર માટે

# નાણાં ન હોવાનું ગાણું ગાતી પાલિકામાં ચીફ ઓફિસરની કાર્યાલયમાં રીનોવેશન માટે લાખોનો ખોટો ખર્ચ

- પાલિકા ફાયર બ્રિગેડ બિલ્ડીંગમાં છતના પોપડા પડી રહ્યા હોવા છતાં તેના રીનોવેશન માટે મુર્હુત જોવાય છે.
- ચીફ ઓફિસરની કાર્યાલયમાં જરૂરીયાત વગર ખોટા રીનોવેશન સામે છુપો રોષ.





ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા છેલ્લા કેટલાક મહિનાઓથી સફાઈ કામદારો, કર્મચારીઓ પગાર અને પેન્શનરોને પેન્શન ચુકવવામાં લાલીયાવાડી કરવામાં આવી રહી છે. આવી આર્થિક કથડેલ સ્થિતીમાં પાલિકાના ચીફ ઓફિસર પોતાની કચેરીનું રીનોવેશનની કામગીરી શરૂ કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ ફાયર ફાયટર કચેરીમાં છતના પોપડા ખરતાં હોવા છતાં તેની ઉપર ધ્યાન આપવામાં આવી રહ્યું નથી.

ગોધરા નગર પાલિકા કચેરી પાલિકાના સફાઈ કામદારો, કર્મચારી તેમજ પેન્શનરોને પેન્શનની ચુકવણી છેલ્લા ચાર-પાંચ માસથી કરવામાં અસમર્થ છે. તેવા સમયે હાલમાં નવા આવેલા પાલિકા ચીફ ઓફિસર પોતાની કચેરીને રીનોવેશન પાછળ લાખો રૂપીયાનો ખર્ચ કરી રહ્યા છે. ચીફ ઓફિસરની કાર્યાલયમાં રીનોવેશનની જરૂરીયાત ન હોવા છતાં ખોટો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જ્યારે બીજી તરફ પાલિકા ફાયર બ્રિગેડની કચેરીના છતના પોપડા ખરી રહ્યા છે. ફાયર વિભાગની કચેરીમાં છતના પોપડા ખરવાથી કર્મચારીઓને ઈજાઓ થવાની ઘટના પણ સામે આવી છે. ત્યારે જ્યાં મેન્ટેનન્સની જરૂરીયાત છે. ત્યાં ખર્ચ કરવામાં આનાકાની કરતી પાલિકા કચેરીમાં આવા ખોટા નાણાંકીય દુરવ્યર્યને લઈ પાલિકા કર્મચારીઓમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. પાલિકાના સફાઈ કામદારોને પગાર સમયસર ચુકવવામાં નહિ આવતાં આવા કર્મચારીઓની આર્થિક સ્થિતી કથડી રહી છે. પાલિકાના નિવૃત પેન્શનરો જેની પેન્શન સિવાય કોઈ આવક ન હોય તેવા પેન્શનરોને સમયસર પેન્શન નહિ ચુકવતા પરેશાન થઈ રહ્યા છે. એકબાજુ પાલિકા તંત્ર કર્મચારીઓના પગાર કરવા માટે વેરા વસુલાત આવતા ન હોવાનું બહાનું આગળ ધરતી હોય છે. જ્યારે બીજી તરફ જરૂરીયાત વગરના ખર્ચ કરવામાં આવી રહ્યા છે. પાલિકા ફાયર બ્રિગેડની બિલ્ડીંગ જર્જરીત થયેલ હોય હાલ પોપડા ખરી રહ્યા છે. ત્યારે તેના રીનોવેશન માટેની તાતી જરૂરીયાતને ધ્યાને લેવામાં આવી રહી નથી શું પાલિકા તંત્ર ફાયર બ્રિગેડ વિભાગની બિલ્ડીંગમાં છતના પોપડા ખરવાથી કોઈ મોટી દુર્ઘટના થવાની રાહ જોઈ રહ્યું છે.

## શહેરાના ખરેડીયા અને મીઠાપુર ગામે વણાંકબોરી પુરવઠા યોજનામાં સંપ ભરાતો હોવા છતાં ગ્રામજનો લાભથી વંચિત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના ખરેડીયા અને મીઠાપુર ગામની વણાંકબોરી પાણી પુરવઠા યોજનાનો સંપ પાણીથી ભરાતો હોવા છતાં ગ્રામજનોને પાછલા ત્રણ વર્ષથી પાણી નહિ મળતા આ યોજના ગ્રામજનો માટે શોભાના ગાંઠિયા સમાન બની છે. ભરઉનાળે આ બે ગામના ગ્રામજનો હેન્ડ પંપ અને કુવાના સહારે પીવા માટે અને ઘર વપરાશનું પાણી મેળવતા હોય જ્યારે સંપમાં આવતું પાણીનો બગાડ થતો જોઈને ગ્રામજનોનો પાણી પુરવઠા તંત્ર સામે ભારે નારાજગી જોવા મળી રહી હતી.

શહેરા તાલુકાના ખરેડીયા અને મીઠાપુર ગામના ગ્રામજનોને પીવાના પાણીની તકલીફ પડે નહી તે માટે રાજ્ય સરકાર દ્વારા પાણી પુરવઠાની વણાંકબોરી પાણી જૂથ યોજના પવર્ષ પહેલા ફાળવવામાં આવી હતી. લાખો રૂપિયાના ખર્ચે યોજનાની કામગીરી પૂર્ણ થયા બાદ ગ્રામજનોને પાણી મળશે તેવી આશા બંધાઈ હતી. જોકે સમય જતાં મીઠાપુર અને ખરેડિયા ગામના ગ્રામજનો યોજનાનું પાણી ઘરે ઘરે નહી મળતા ગ્રામજનો માટે આ પાણી પુરવઠા યોજના પાછલા ત્રણ વર્ષથી શોભાના ગાંઠિયા સમાન બની જવા પામી છે. ખરેડીયા પાસે પસાર થતા માર્ગને અડીને આવેલા વણાંકબોરી પાણી પુરવઠા યોજનાનો સંપ પાણી ભરાતો હોવા છતાં તેનું પાણી આ બે ગામના ગ્રામજનોને નહીં મળતા કુવા અને હેડ પંપના સહારે પીવા માટે અને ઘર વપરાશનું પાણી મેળવતા હોય છે. માર્ગને અડીને આવેલ સંપ પાણીથી ભરાઈ જતા પાણીનો વેડફાટ થતો જોઈને ગ્રામજનો અને ત્યાંથી પસાર થતા વાહન ચાલકોનો પાણી પુરવઠા તંત્ર સામે ભારે નારાજગી સાથે છૂપો રોષ પણ જોવા મળે તો નવાઈ નહી. વણાકબોરી પાણી પુરવઠા યોજના પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવા છતાં આ યોજનાનું પાણી ગ્રામજનોને મળવાની જગ્યાએ અત્યારે પાણીના સંપ માંથી ખુલ્લી જગ્યામાં વહેતુ જોવા મળતું હોય ત્યારે પાણી પુરવઠા તંત્રના અધિકારીઓ પોતાની ઓફિસની ઠંડી હવા ખાવાની જગ્યાએ આ ગામની મુલાકાત લઈને ગ્રામજનોને આ યોજનાનું પાણી મળે તે માટેનું આયોજન કરે અને સંપ માંથી વેડફાતુ પાણી બંધ કરવામાં આવે તે પણ જરૂરી છે.

## ઘોઘંબા તાલુકા મથકે "દીકરી વ્હાલનો દરિયો" કાર્યક્રમ યોજવામાં આવ્યો



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

સમાજમાં દીકરીઓ પ્રત્યે વધી રહેલા ગુનાહિત કૃત્યો અને દુરાચારોના બનાવો નિવારવા માટે ઉત્તમ વિચાર કરીને દિવ્ય ભાસ્કરના પત્રકાર મિતુલભાઈ શાહ તથા રાજગઢ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.આર. ગોહિલના માર્ગદર્શન હેઠળ સમાજમાં જાગૃતિ લાવવા માટે સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં છોટાઉદેપુર લોકસભાના સંસદ સભ્ય ગીતાબેન રાઠવા, હાલોલ વિધાનસભાના ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, ઘોઘંબા તાલુકા પંચાયતના પ્રમુખ છેલુભાઈ રાઠવા, તાલુકા ભાજપ પ્રમુખ ગુણવંતસિંહ ગોહિલ, જિલ્લા પંચાયતના સભ્ય ભુપેન્દ્રસિંહ સોલંકી, મેડિકલ ઓફિસર પારસભાઈ પટેલ, રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.પી. કટારા, ઘોઘંબા તાલુકાના રાજકીય આગેવાનો, સામાજિક કાર્યકરો, વડીલો નાગરિકો અને ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કોરોના કાળ દરમ્યાન ગુજરાત ફ્લોરો કેમિકલ રણજીત નગર દ્વારા તથા જે કર્મચારીઓ તથા સમાજ સેવકોએ પોતાના પરિવારની ચિંતા કર્યા વગર મહામારીના સમયમાં ઉત્તમ કામગીરી કરેલી હતી તેવા મહાનુભાવોનું મોમેન્ટો અને સન્માન પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

કથાકાર "મયુર બાપજી" દ્વારા બેટી બચાવો બેટી પઢાવો દ્વારા સુંદર ઉદાહરણો આપીને સમાજમાં બનતી દીકરીઓ પ્રત્યેની અઘટિત ઘટનાઓ ન બને તે માટે ધાર્મિક પ્રસંગોના વર્ણન કરીને સમાજમાં દીકરીનું માન-સન્માન વધારવા માટે અપીલ કરી હતી. દીકરીઓને ગર્ભમાંથી જ મારી નાખવા માટેના બનતા બનાવોને લઈને તેઓએ આવા રાક્ષસી કૃત્યો ન કરવા માટે પ્રવચન આપ્યું હતું.

પત્રકાર સંઘના પ્રમુખ મિતુલભાઈ શાહ તથા ઘોઘંબા તાલુકાના તમામ પત્રકાર મિત્રો દ્વારા આ કાર્યક્રમને સુંદર રીતે દીપાવ્યો હતો. સુમધુર સંગીતમય કાર્યક્રમને માણવા માટે ઘોઘંબા નગર તથા આસપાસના પ્રજાજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

દીકરીઓ વિશે ધોરણ સાતમાં ભણતી ગ્રીષ્મા સોલંકી દ્વારા પોતાની આગવી છટામાં ઉત્તમ પ્રવચન આપીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન શિક્ષક રાજેશભાઈ પટેલ અને દિનેશભાઈ ભાટિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## હાલોલ ચીફ ઓફિસર એ માહિતી અધિકાર અંતર્ગત માહિતી પુરી ન પાડતા આયોગ દ્વારા ૫ હજારનો દંડ ફટકાર્યો

હાલોલ,

હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારીએ હાલોલ નગરના નાગરિકને માંગેલ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની માહિતી સમય મર્યાદામાં ન આપતા મુખ્ય અધિકારી સામે માહિતી માંગનાર અરજદારે અપિલ દાખલ કરતા માહિતી આયોગ ગાંધીનગર દ્વારા ૫,૦૦૦/-રૂ.નો દંડ ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલોલ નગરના સ્ટેશન રોડ પર રહેતા મનુભાઈ સુમારમલ અડવાણીએ તા.૧૧ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ હાલોલ નગરપાલિકા ખાતે જાહેર માહિતી અધિકાર હેઠળ નગરપાલિકાના મુખ્ય અધિકારી વિરાજ આર.શાહને અરજી કરી માહિતી અધિકાર અધિનિયમ હેઠળ માહિતી માંગી હતી. જેમાં હાલોલ નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા આ બાબતે કોઈ માહિતી સમય મર્યાદામાં ન આપી કે કોઈ યોગ્ય પ્રત્યુત્તર પણ ન આપતા માહિતી માંગનાર અરજદાર મનુભાઈ અડવાણીએ વડોદરા પ્રાદેશિક કમિશનરને અપીલ કરી હતી. તેઓની પ્રથમ અપીલને પગલે પ્રાદેશિક કમિશનરે જો શક્ય હોય તો વિનામુલ્યે દિન-૭માં માહિતી આપવા હુકમ કર્યો હોવા છતાં નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા કોઈ માહિતી કોઈ યોગ્ય પ્રત્યુત્તર ન આપતા તા.૩૦મી માર્ચ ૨૦૨૧ના રોજ અરજદાર એ મુખ્ય માહિતી આયોગ ગાંધીનગર ખાતે બીજી અપીલ દાખલ કરી માહિતી સંદર્ભે યોગ્ય પ્રત્યુત્તર અને માહિતીની માંગણી કરી હતી. જેને લઈને આ કેસની પ્રથમ સુનાવણીમાં ૯મી ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ કરવામાં આવી હતી અને આયોગ દ્વારા ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ વચગાળાનો હુકમ કરી હાલોલ નગરપાલિકાના મુખ્ય અધિકારીએ ગંભીર બેદરકારી દાખવી સમયમર્યાદામાં માહિતી આપવામાં નિષ્કાળજી રાખી હોઈ તેઓની સામે કાર્યવાહી શા માટે ના હાથ ધરવી તેની સ્પષ્ટતા લેખિત ખુલાસો મારફતે કરવા આયોગને મોકલી આપવા ફરમાન કર્યુ હતુ. જેમાં ચીફ ઓફિસરે ૭ મુદ્દાની માહિતી પણ ન આપી અને અપિલની સુનાવણીમાં હાજર પણ ન રહ્યા હતા. જેમાં આયોગે સંપુર્ણ બાબતને ધ્યાને લઈ નગરપાલિકાના મુખ્ય અધિકારી અને માહિતી અધિકારી ગણાતા એવા ચીફ ઓફિસરને સંપુર્ણ બાબતે જવાબદાર ઠેરવી રૂ.૫,૦૦૦/-નો દંડ ફટકારતા ચકચાર મચી જવા પામી હતી.

## મોરવા(હ)ના વાડોદર ખેડાપા ગામે છોકરી ભગાડી જવાના મામલે અગરવાડા આરોપીએ મારમારી જાતિ અપમાનિત કરતાં ફરિયાદ

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના વાડોદર ખેડાપા નવી વસાહતમાં રહેતા અને મુળ અગરવાડાના ફરિયાદીના ભાઈ છોકરીને ભગાડી ગયો છે. તેમ કહી આરોપીઓએ ઘર ઉપર પથ્થર મારો કરી નાખીયા તોડી નાખી જાતિ અપમાનિત કરતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ)ના અગરવાડા ગાજીપુર ફળીયામાં રહેતા હિંમતભાઈ ઉર્ફે માદો જીવાભાઈ વળવાઈ હાલ રહે. વાડોદર નવી વસાહતને ઘરે આરોપીઓ સુશીલાબેન ગુલાબભાઈ વણઝારા, ગુલાબભાઈ ઉદેસિંહ વણઝારા, રમેશભાઈ વણઝારા આવીને સાલા ભીલડાઓ તારો ભાઈ કરમસિંહ વણઝારાની છોકરીને ભગાડી ગયેલ છે. તેમ કહીને ગાળો આપી હતી. આરોપીઓએ વિક્રમભાઈને માથાના ભાગે લાકડી મારી, શારદાબેનને લાકડી વડે મારમાર્યો હતો અને બાઈક ઉપર બેસી જુના ઘરે જઈને હિંમતભાઈ તેમજ કિશનભાઈના ઘર ઉપર પથ્થર મારો કરી ઈજાઓ કરી તેમજ ઘરના નળીયા તોડી નાખી નુકશાન કર્યું હતું અને જાનથી મારી નાખવાની ધમકી આપતા આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે એકટ્રોસીટી એકટ હેઠળ ફરીયાદ નોંધાવાનો પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## ગોધરા તાલુકાના ટીંબાની મુવાડી થી મોતાલ રોડ ઉપર થી મારૂતી ઝેનમાં લઈ જવાતો ૧૯૫ કિલો માંસનો જથ્થો ઝડપ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના ટીંબાની મુવાડી થી મોતાલ રોડ ઉપર થી મારૂતી ઝેન ગાડીમાં માંસનો જથ્થો લવાતો હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે નાકાબંધી કરી હતી. નાકાબંધી જોઈ આરોપીઓ નાશી છુટીયા હતા. પોલીસે ચેકીંગ કરી ગાડી માંથી ૧૯૫ કિલો માંસનો જથ્થો સહિત રૂપીયા ૯૯,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના ટીંબાની મુવાડી થી મોતાલ રોડ ઉપર થી મારૂતી ઝેન ગાડી નં. જીજે.૦૬.એબી.૪૯૩૯ સુલતા નિસાર ખાલપા, મોહસીન નિશાર ખાલપા, સુલતાન નિશાર ખાલપા ગાડીની ડીકી અને સીટની નીચે થેલામાં માંસનો જથ્થો ભરીને લવાતો હોય તેવી બાતમીના આધારે એલ.સી.બી. નાકાબંધી કરી હતી. નાકાબંધી જોઈને મારૂતી ઝેન છોડી ઈસમો નાશી છુટીયા હતા. પોલીસના ચેકીંગ દરમિયાન માંસનો જથ્થો ૧૯૫ કિલો કિંમત ૩૯,૦૦૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના ધાણીત્રા ગામે પત્નીની હત્યાના ગુનામાં હત્યારા પતિને ૫ વર્ષની કેદની સજા ફટકારતી કોર્ટ

ગોધરા,

ગોધરા તાલુકાના ધાણીત્રા ગામે ૨૦૧૮ના વર્ષમાં આરોપીએ ઘરકામ અર્થે બોલાચાલી ઝગડામાં પત્નીને મારમારતાં ગડદાપાટુનો મારમારી ઈજાઓ કરતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. કેસ છઠ્ઠા એડિશનલ સેશન્સ જજની કોર્ટમાં ચાલી જતાં આરોપીને ૫ વર્ષની કેદ અને દશ હજારના દંડ ફટકારવામાં આવ્યો.

ગોધરા તાલુકાના ધાણીત્રા ગામે ૨૦૧૮ના વર્ષમાં શનાભાઈ સરદારભાઈ રાઠોડ એ પોતાની પત્ની કોકીલાબેન ઉ.વ.૩૯ને ઘરકામ અર્થે બોલાચાલીમાં ઝગડો તકરાર કરી ગડદાપાટુનો મારમારી આંતરિક ઈજાઓ કરતાં કોકીલાબેનને સારવાર માટે સિવિલમાં દાખલ કરતા સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે ૩૦૨, ૫૦૪ મુજબ ગુનો નોંધાવા પામ્યો હતો. આ ગુનામાં કેસ પંચમહાલ છઠ્ઠા એડીશનલ સેશન્સ જજની કોર્ટમાં કેસ ચાલી જતાં ફરિયાદ પક્ષના એમ.કે.દેશમુખને લેખિત અને મૌખિક દલીલો સાંભળ્યા બાદ કોર્ટ દ્વારા આરોપી શનાભાઈ રાઠોડને ૫ વર્ષની સખત કેદ તથા ૧૦ હજાર રૂપીયાનો દંડ ફટકારવામાં આવ્યો.

## મોરવા(હ)ના નાટાપુર ગામે ૨૯ વર્ષીય મહિલાએ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો

મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે રહેતા ૨૯ વર્ષીય મહિલા એ કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં આ બાબતે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે મોરવા(હ) તાલુકાના નાટાપુર ગામે ચોરા ફળીયામાં રહેતા ઉષાબેન સંજયભાઈ બારીયા ઉ.વ. ૨૯ મે તા.૧૪ એપ્રિલના રોજ કોઈ કારણોસર પોતાના ઘરના લાકડાના પાટડા ઉપર સાડી વડે ગળે ફાંસો ખાઈને આપઘાત કરી જીવનલીલા સંકેલી લેતા આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## જાંબુઘોડાના ભીલ ડુંગરા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં એક વ્યકિતનું મોત

જાંબુઘોડા,

જાંબુઘોડા તાલુકાના ભીલ ડુંગરા ગામે રોડ ઉપર બે બાઈકો વચ્ચે થયેલ અકસ્માતમાં એક ચાલકને ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ જાંબુઘોડા તાલુકાના ભીલ ડુંગરા ગામે રોડ ઉપર બાઈક નંબર જીજે.૧૧.કે.૦૦૦૭ હસમુખભાઈ રાઠવા એ પોતાનું બાઈક પુરઝડપે હંકારી લાવી બાઈક નંબર જીજે.૦૬.ડીએ.૬૭૭૪ સાથે અકસ્માત કરી પગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા તાલુકાના એક ગામમાં ડાકણ કહીને પરેશાન કરતાં મહિલાની વ્હારે ૧૮૧ મહિલા હેલ્પલાઈન આવી સુઃખદ સમાધાન કર્યું

શહેરા,

તારીખ ૧૩/૫/૨૨ ના રોજ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના એક ગામ માંથી એક મહિલાનો ૧૮૧ મહિલા હેલ્પ લાઈનમાં કોલ આવેલ અને જણાવેલ કે તેમના દિયર, દેરાની તેમને ડાકણ કહી તેમને ધમકી આપે તેમને ૨૦ વર્ષ થી વધુ સમય થી ડાકણ બાબતે હેરાન કરે તેમને જાનથી મારી નાખવાની ધમકી બતાવે અને તેમના ઘરે શાંતિથી રહેવા દેત્તા નથી.

૧૮૧ અભયમમાં કોલ આવ્યાની થોડીક જ ક્ષણોમાં ૧૮૧ ના કાઉન્સેલર, ટીમ સહિત ઘટના સ્થળે પહોંચી ગયેલ પીડિતા બહેનની સાથે વાતચિત કરી બહેનની સમગ્ર સમસ્યા જાણી સમજી પછી તેમના દિયાર-દેરાણીને સમજાવ્યા તેમાં તેમનો દીકરો સતત બીમાર રહે તેમાં મોટોભાઈ-ભાભી સપોર્ટ કરતો નથી. તેના કારણે પીડિતા બહેનને ડાકણ કહી તેની સાથે ઝઘડા થાય છે. ત્યારબાદ પીડિતા બહેનના કાઉન્સિલીંગ દરમ્યાન તેમને જણાવેલ કે તેના દિયર અંધશ્રદ્ધા મનીને તાંત્રીક વિધિઓ કરાવે છે, મને ડાકણ કહી મારઝૂડ કરવા આવે છે. તેથી તે દવા પીને કે આપઘાત કરી મારી જવા જઈ રહ્યાં હતાં, પરંતુ ૧૮૧ ટીમ દ્વારા પીડિત મહિલાનું વધું કાઉન્સિલીગ કર્યું તેમને ૩ દીકરીઓ છે અને ૨ દીકરા છે. પીડિત મહિલા તેમના ત્રાસ થી ગળે ફાંસો ખાઈને મરી જવાનું જણાવતા હતા. તેમને આશ્વાસન આપેલ અને તેમના પતિ-પત્ની બંનેના મારી જવાના વિચારોને દૂર કરેલ. દિયર-દેરણીની સાથે વાતચિત કરી સમજાવેલ ૧૮૧ ના કાઉન્સિલર દ્વારા ઊંડાણ પૂર્વક સમજાવતા તે સમજીગયેલ અને તેમના ભાઈ-ભાભી વચ્ચેના પ્રેમની સમજ થયેલ. ત્યારબાદ કાયદાકિય સમજ આપી હતી. પછી તેઓ ભૂલને સ્વીકારી અને જણાવેલ કે અમારા ભાઈ-ભાભી માતા પિતા સમાન છે. તેમના દ્વારા એમને ઘણી મદદ મળી હતી. પીડિતાના દિયર તેમને મોટા ભાઈ તરીકે માન આપશે. હવે પછી તેમને કોઈ પણ પ્રકારની હેરાનગતી કે ડાકણ કહી ઝાઘડા નહિ કરવાનું અપશબ્દો નહિ બોલવાનું જણાવેલ. આમ ૧૮૧ અભયમની ટીમે બન્ને પક્ષ વચ્ચે કાઉન્સિલીંગ કરી હળીમળીને રહે માટે સલાહ માર્ગદર્શનઆપી તેમની સમસ્યાનું સુઃખદ સમાધાન કરાવ્યું હતું.

## ફતેપુરાના હડમત ગામે કુવામાંથી પાણી મામલે મારામારી થતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના હડમત ગામે કુવામાંથી પાણી કાઢવા મામલે થયેલ ઝઘડામાં એક ઈસમે એક મહિલા સહિત બે જણાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે. ગત તા.૧૪મી મેના રોજ હડમત ગામે રહેતાં લીલાબેન પોતાના સહીયારા કુવામાંથી ઘર વપરાશનું પાણી કાઢવા સારૂં પાઈપ ફેરવતાં હતા. તે સમયે ગામમાં રહેતાં તેરસીંગભાઈ ઉર્ફે ઉદાભાઈ ડામોર ત્યાં આવી બેફામ ગાળો બોલી કુવા ઉપર આવી મોટર વીજ કનેક્શનના વાયર કાઢી નાંખી પોતાના ખેતર તરફ પાઈપો ખેંચી ઘર તરફ જતાં જતાં ગાળો બોલતો હતો. ત્યારે કલ્પેશભાઈએ તેરસીંગભાઈને સમજાવવા જતાં અને ગાળો બોલવાની ના પાડતાં તેરસીંગભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, મે પણ કુવમાં પૈસા આપેલ છે, તું મને કોણ રોકવા વાળો, તેમ કહી પોતાના હાથમાંની લાકડી કલ્પેશભાઈ અને સુરતાબેનને હાથે પગે, શરીરે તેમજ માથાના ભાગે મારી ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત કલ્પેશભાઈ કાળુભાઈ ડામોરે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ કસ્બામાં ગૌવંશની કતલ કરી ગૌવંશનો બગાડ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ શહેરના કસ્બા વિસ્તાર ખાતે એક ઈસમે પોતાના આર્થિક લાભ સારૂં ગૌવંશનું કતલ કરી રૂા. ૧૫,૦૦૦ની કિંમતના ગૌવંશનો બગાડ કરતાં આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગત તા. ૧૨મી મેના રોજ દાહોદ શહેર પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ કસ્બા વિસ્તારમાં રહેતાં આવેશ અઝીઝભાઈ શેખના રહેણાંક મકાનમાં ઓચિંતો છાપો માર્યો હતો. પોલીસને જોઈ આવેશ નાસી જવામાં સફળ રહ્યો હતો. પોલીસે તેના રહેણાંક મકાનમાંથી ગૌવંશનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આવેશે પોતાના આર્થિક લાભ મેળવવા સારૂં ગૌવંશનું કુરતા પુર્વક કતલ કરી આશરે ૧૦ કિ.ગ્રા. કિંમત રૂા. ૧૫,૦૦૦ના ગૌવંશનો બગાડ કરતાં દાહોદ શહેર પોલીસે આવેશ અઝીઝભાઈ શેખ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.